RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 275 Dt. 01-05-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### મૃતક શ્રધ્ધાળુઓ વૈશાખ પૂર્ણિમાના ઉત્સવમાં થયા'તા સહભાગી

## નેપાળમાં જીપ ખાબકતા ૨૦ના મોત

### તીર્થયાત્રીઓ ભરેલી જીપ ખીણમાં ખાબકતા સર્જાયો કાળમુખો અકસ્માત; ડુંગરાળ રસ્તે પલટી ખાઈ સીધી ખીણમાં ખાબકી મૃત્યુઆંક વધવાની આશંકા



કાઠમંડુ , તા. ૩૦

નેપાળના પશ્ચિમ વિસ્તારમાં આજે સાંજે એક કાળજું કંપાવી દે તેવી દુર્ઘટના ઘટી છે. શ્રદ્ધાળુઓથી ખીચોખીચ ભરેલી એક જીપ પહાડી રસ્તા પરથી પસાર થઈ રહી હતી ત્યારે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા જીપ અંદાજે ૭૦૦ મીટર ઉંડી ખીણમાં ખાબકી હતી. આ ભયાનક અકસ્માતમાં ૧૭ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે.

દુર્ઘટનાની પ્રાથમિક વિગતો પ્રાપ્ત વિગતો અનુસાર, આ જીપ તીર્થયાત્રીઓને લઈને જઈ રહી હતી. પહાડી અને સાંકડા રસ્તા પર વળાંક લેતી વખતે અચાનક જીપ નીચે ઉંડી ખીણમાં પલટી ખાઈ ગઈ હતી. ખીણ એટલી ઉંડી હતી કે જીપના ફૂચા ઉડી ગયા હતા અને લાશ વિખરાયેલી હાલતમાં મળી આવી હતી. સ્થાનિક લોકોએ તુરંત પોલીસને જાણ કરી હતી, પરંતુ અંધકાર અને પહાડી પ્રદેશ હોવાને કારણે મદદ પહોંચવામાં વિલંબ થયો હતો.

બચાવ કામગીરી જારી નેપાળ પોલીસ અને સેનાની ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. અત્યાર સુધીમાં ૧૭ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં એરલિફ્ટ કરવાની અથવા પહાડી રસ્તેથી બહાર કાઢવાની તજવીજ ચાલી રહી છે. સ્થાનિક પ્રશાસનના મતે મૃત્યુઆંક હજુ વધી શકે છે કારણ કે કેટલાક મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. જાણકારોના માટે મૃત્યુઆંક વધીને ૨૧ થવાની ભીતિ સેવાઈ રહી છે. દુર્ઘટનાગ્રસ્ત જીપ નેપાળના ગુલમી જિલ્લાના મુસિકોટ વિસ્તારમાં ખીણમાં ખાબકી હોવાનું પ્રાથમિક રીતે સામે આવી રહ્યું છે.નેપાળી સેનાના હેલિકોપ્ટરને રેસ્ક્યૂ માટે સ્ટેન્ડબાય રાખવામાં આવ્યું છે.

પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું છે કે તાજેતરના વરસાદને કારણે રસ્તો લપસણો થઈ ગયો હતો, જેના કારણે ડ્રાઈવરે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો. મુખ્ય જિલ્લા અધિકારી ગંગા બહાદુર છેત્રીએ જણાવ્યું હતું કે માહિતી મળતાં જ વહીવટીતંત્રે તાત્કાલિક બચાવ ટીમો ઘટનાસ્થળે મોકલી હતી. બચાવ કામગીરી હાલમાં ચાલી રહી છે, અને વહીવટીતંત્રે મૃત્યુઆંક વધવાની શક્યતાને નકારી નથી. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, અકસ્માતમાં ઘાયલ થયેલા ઘણા લોકો હજુ પણ પોતાના જીવ માટે સંઘર્ષ કરી રહ્યા છે. પ્રત્યક્ષદર્શીઓએ આ દ્રશ્ય ભયાનક ગણાવ્યું હતું. જીપ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી, જેમાં ફક્ત મૃતકોના મૃતદેહ અને ઘાયલોના પીડાદાયક રડવાનો અવાજ બાકી રહ્યો હતો. પોલીસ અને સ્થાનિક અધિકારીઓએ ઘણા પ્રયાસો પછી બચાવ કામગીરી શરૂ કરી હતી. જોકે, ઊંડી કોતરો અને મુશ્કેલ ભૂપ્રદેશે બચાવ ટીમો માટે નોંધપાત્ર પડકારો ઉભા કર્યા હતા. આ અકસ્માત રોલ્પા જિલ્લાના થબાંગ ગ્રામીણ મ્યુનિસિપાલિટી વિસ્તારમાં થયો હતો, જ્યાં વાહન પહાડી રસ્તા પરથી લગભગ ૮૦૦ મીટર નીચે ઊંડી કોતરમાં ખાબકી ગયું હતું. પોલીસે જણાવ્યું હતું કે જીપના મુસાફરો રુકુમ પૂર્વથી જલજલા જઈ રહ્યા હતા, જ્યાં પૂર્ણિમાના દિવસે એક ધાર્મિક સમારોહ યોજાવાનો હતો. રોલ્પા જિલ્લા પોલીસ કાર્યાલયના માહિતી અધિકારી સુનિલ થાપા નેપાળીએ અકસ્માતની જાણ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે અકસ્માત સમયે જીપમાં કુલ કેટલા લોકો હતા તે હજુ સુધી જાણી શકાયું નથી. વિસ્તારમાં ભારે વરસાદ ચાલુ છે, જેના કારણે બચાવ કામગીરીમાં નોંધપાત્ર અવરોધ આવી રહ્યો છે. પોલીસ અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિને નિયંત્રિત કરવાનો અને લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે.




### મધ્યપ્રદેશમાં મોટી જળ દુર્ઘટનાઃ જબલપુરના બરગી ડેમમાં પ્રવાસીઓ ભરેલું ક્રૂઝ ડૂબ્યું

## ક્રૂઝ પલટતા ૬ના મોત, અનેક લાપતા

જબલપુર, તા.૩૦

મધ્યપ્રદેશના જબલપુરના સુપ્રસિદ્ધ પર્યટન સ્થળ બરગી ડેમમાં ગુરુવારે સાંજે કાળજું કંપાવી દે તેવી દુર્ઘટના સર્જાઈ છે. નર્મદા નદીના બેકવોટરમાં પર્યટકોને લઈને જતું એક ક્રૂઝ અચાનક આવેલા વાવાઝોડા અને ભારે પવનને કારણે સંતુલન ગુમાવતા પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૬ પ્રવાસીઓના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે હજુ પણ અનેક લોકો લાપતા હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, દુર્ઘટના સમયે ક્રૂઝમાં અંદાજે ૩૫થી ૪૦ જેટલા પ્રવાસીઓ સવાર હતા. સાંજના સમયે અચાનક હવામાન પલટાતા અને પવનની ગતિ તેજ થતા ક્રૂઝ ચાલક નિયંત્રણ ગુમાવી બેઠો હતો અને જોતજોતામાં પ્રવાસીઓ સાથેનું ક્રૂઝ પાણીમાં ઊંધું વળી ગયું હતું. ઘટનાને પગલે આસપાસના લોકો અને સ્થાનિક તરવૈયાઓ મદદે દોડ્યા હતા. રેસ્ક્યૂ ઓપરેશન યુદ્ધના ધોરણે ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને ગઉછ્રક્ષ તથા જઉછ્રક્ષની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અત્યાર સુધીમાં ૧૫થી વધુ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ૬ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે, જેમાં ત્રણ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. તરવૈયાઓ દ્વારા લાપતા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે, પરંતુ રાત્રિના અંધકાર અને ઠંડા પાણીને કારણે કામગીરીમાં મુશ્કેલી પડી રહી હોવાની વિગતો મળી છે. અચાનક આવેલા મિની વાવાઝોડા અને પવનના કારણે ક્રૂઝ પલટી ગયું હોવાનું પ્રાથમિક તારણ. ક્રૂઝમાં પ્રવાસીઓની સંખ્યા નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ હતી કે કેમ તે અંગે પણ તપાસ શરૂ કરાઈ છે. લાઈટો અને આધુનિક સાધનોની મદદથી હજુ પણ લાપતા પ્રવાસીઓને શોધવા માટે રેસ્ક્યૂ ઓપરેશન જારી છે. પોલીસ મૃતકોની ઓળખ વિધિ કરી તેમના પરિવારજનોને જાણ કરવાની તજવીજ હાથ ધરી રહી છે.

## મિશન પ્રમુખ કોન્ફરન્સમાં PM મોદી હાજર

### વેપાર, ટેકનોલોજી અને વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો



રાજકોટ, તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં આયોજિત હેડ્સ ઓફ મિશન કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. વેપાર, ટેકનોલોજી અને વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા ભારતના વૈશ્વિક જોડાણને મજબૂત બનાવવા પર વ્યાપક ચર્ચાઓ થઈ હતી. આ કોન્ફરન્સમાં વિશ્વભરમાં ભારતીય ડાયસ્પોરા સાથેના સંબંધોને મજબૂત બનાવવા પર પણ ચર્ચા થઈ હતી. વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને પ્રધાનમંત્રીના મુખ્ય સચિવો પી.કે. મિશ્રા અને શક્તિકાંત દાસ સહિત અન્ય લોકોએ આ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. વિશ્વભરના રાજદ્વારી મિશનોમાં તૈનાત ભારતીય રાજદૂતો અને ઉચ્ચ કમિશનરોએ પણ આ કોન્ફરન્સમાં હાજરી આપી હતી.

શુક્રવારે, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર પોસ્ટ કરીને કહ્યું, ''નવી દિલ્હીમાં આયોજિત હેડ્સ ઓફ મિશન કોન્ફરન્સમાં ભાગ લીધો. અમે વેપાર, ટેકનોલોજી અને વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા ભારતના વૈશ્વિક જોડાણને મજબૂત બનાવવા અને ભારતીય ડાયસ્પોરા સાથેના સંબંધોને મજબૂત બનાવવા પર વ્યાપક ચર્ચા કરી હતી.'' બેઠકમાં વ્યૂહાત્મક ભાગીદારીને ગાઢ બનાવવા, નવા સપ્લાય નેટવર્ક વિકસાવવા અને ઉભરતી ટેકનોલોજીમાં સહયોગ વધારવા જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી. મિશનના વડાઓને ભારતની ક્ષમતાઓ અને તકોને વિશ્વ સમક્ષ અસરકારક રીતે રજૂ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ભારતીય ડાયસ્પોરાનું મહત્વ પણ પ્રકાશિત કરવામાં આવ્યું હતું, અને કહ્યું હતું કે તે ભારતના સોફ્ટ પાવરનો એક મુખ્ય આધારસ્તંભ છે. તેમણે મિશનના વડાઓને વિદેશમાં રહેતા ભારતીયો સાથે સંપર્કો અને સહયોગને મજબૂત બનાવવા વિનંતી કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં હેડ્સ ઓફ મિશન કોન્ફરન્સમાં હાજરી આપી હતી, જ્યાં તેમણે વેપાર, ટેકનોલોજી અને વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. વિદેશ મંત્રી એસ. જયશંકર પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

### બ્રેન્ટ ક્રૂડ ૧૨૦ ડોલરને પાર : રૂપિયો ૯૫ સુધી ગગડયો, ભારત પર વાર્ષિક બોજ ૯ કરોડથી વધુ

## ક્રૂડ ઓઈલ ભડકે બળ્યું




નવીદિલ્હી, તા. ૩૦

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થવાથી ખળભળાટ મચી ગયો છે. કેન્દ્રીય નાણા મંત્રાલય, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય સહિત અન્ય સંસ્થાઓ દેશમાં પેટ્રોલના ભાવને નિયંત્રિત કરવા માટે અથાક પ્રયાસો કરી રહી છે. પેટ્રોલિયમ નિષ્ણાતો કહે છે કે જો આ સ્થિતિ ચાલુ રહેશે તો ભવિષ્યમાં સમસ્યાઓ નોંધપાત્ર રીતે વધુ ખરાબ થઈ શકે છે. જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધે છે, ત્યારે આ વધારાનો સીધો ફાયદો ડોલરને થાય છે. રૂપિયો નબળો પડે છે. ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના ૮૦ ટકાથી વધુ આયાત કરે છે, જે આપણી ચિંતાઓમાં વધુ વધારો કરે છે. હાઈડ્રોકાર્બન અર્થશાસ્ત્રના નિષ્ણાત નીતિન ગર્ગ કહે છે કે ક્રૂડ ઓઈલના ભાવમાં દરેક ડોલરનો વધારો ભારતનો આયાત બોજ વાર્ષિક ૮,૦૦૦-૯,૦૦૦ કરોડનો વધારો કરે છે.

આનાથી સ્થાનિક ઈંધણ પર દબાણ આવે છે અને ફુગાવાની શક્યતા વધે છે. આનાથી પરિવહન અને ઉત્પાદન ખર્ચમાં વધારો થાય છે, જેની સીધી અસર ખોરાક અને અન્ય બિન-આવશ્યક ચીજવસ્તુઓ પર પડે છે. વેપાર ખાધ વધે છે. નીતિન ગર્ગ કહે છે, ''જરા જુઓ.'' બ્રેન્ટ ક્રૂડ ૧૨૦ ને પાર કર્યા પછી રૂપિયો ૯૫ રૂપિયા સુધી ગગડી ગયો. નાણા મંત્રાલયના અધિકારીઓ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાને કારણે વધતા આર્થિક દબાણથી ચિંતિત છે. તેમનું કહેવું છે કે ભારતમાં ઈંધણ તેલના ભાવ વધવાના છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય પણ ઈંધણ તેલના ભાવ અંગે સતત પરામર્શ કરી રહ્યું છે. ઈંધણ તેલના ભાવને નિયંત્રણમાં રાખવા માટે, સરકાર ઈથેનોલ મિશ્રણ વધારવાની રણનીતિ અપનાવી રહી છે.

ભારતના પેટ્રોલિયમ વિભાગના એક મુખ્ય સૂત્રનું કહેવું છે કે ૨૦ ટકાથી વધુ ઈથેનોલનું મિશ્રણ કરીને તેલના ભાવને નિયંત્રિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરિવહન અને હાઈવે મંત્રાલયે તેલમાં ઈથેનોલની ટકાવારી વધારવા માટે એક યોજના તૈયાર કરવાનું પણ શરૂ કર્યું છે. જોકે, ઈથેનોલનો વધતો ઉપયોગ વાહનોના એન્જિન અને તેમની કાર્યક્ષમતાને અસર કરી રહ્યો છે. ઈરાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો ઉપયોગ તેના સૌથી મોટા હથિયાર તરીકે કરી રહ્યું છે. સમાંતર રીતે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પે ઈરાની દરિયાકાંઠાને સંપૂર્ણપણે અવરોધિત કરી દીધો છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના આ ટક્કરની કિંમત આખી દુનિયા ચૂકવી રહી છે.

વિદેશ બાબતોના નિષ્ણાત રણજિત કુમાર કહે છે કે જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો ભવિષ્યમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. તેલના ભાવમાં વધારો થવાથી વિશ્વભરના દેશો ભારે નુકસાન ભોગવી રહ્યા છે. પરિણામે, દિલ્હીમાં પ્રીમિયમ પેટ્રોલ (ઈન્ડિયન ઓઈલનું ડડ્ઢ૧૦૦) ની કિંમત ૧૪૯ રૂપિયાથી વધીને ૧૬૦ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે.

## ભાજપની વાહવાહીના ''એક્ઝીટ પોલ્સ'' : મમતા

### ૨૨૬ બેઠકનો આંકડો પાર કરશે TMC : ભાજપને લાભ દર્શાવતા એક્ઝિટ પોલ્સને નકાર્યા : પોલ્સ ભાજપ કાર્યાલયમાંથી બહાર પડાતા હોવાનો આક્ષેપ



નવી દિલ્હી, તા.૩૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક્ઝિટ પોલની આગાહીઓને નકારી કાઢી હતી જેમાં ભાજપને વધુ બેઠકો મળવાની આગાહી કરવામાં આવી હતી, અને તેણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનો પક્ષ ૨૨૬ બેઠકોનો આંકડો પાર કરીને સરળતાથી જીત મેળવશે.

પશ્ચિમ બંગાળમાં મોટાભાગના એક્ઝિટ પોલ્સમાં ભાજપ આગળ છે એવી આગાહી કરવામાં આવી હતી, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના કાર્યકરોને ૪ મેના રોજ, પરિણામના દિવસે, ગણતરી કેન્દ્રો પર ચોવીસ કલાક ''રક્ષક'' તરીકે રહેવા વિનંતી કરી છે. તેમણે આ અંદાજોને નકારી કાઢ્યા અને જણાવ્યું કે તેમનો પક્ષ ૨૨૬ બેઠકોનો આંકડો પાર કરીને મોટી જીત તરફ આગળ વધી રહ્યો છે. એક વિડિઓ સંદેશમાં પાર્ટીના કાર્યકરો અને સમર્થકોને બેનર્જીએ ગણતરીના સમયગાળા દરમિયાન સતત સતર્ક રહેવાની હાકલ કરી, ઉમેદવારો અને વરિષ્ઠ નેતાઓએ બધા ૨૯૪ મતવિસ્તારોમાં મતગણતરી કેન્દ્રોનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરવું જોઈએ. તેમણે કહ્યું કે, હું અમારા કાર્યકરો અને જનતાને એક થવા વિનંતી કરું છું કે આજથી, દરેક વ્યક્તિ મતગણતરી પ્રક્રિયા પર સમાન અને સતર્ક નજર રાખે. જો જરૂરી હોય તો, હું પોતે મારા પોતાના (ભવાનીપુર) મતવિસ્તારમાં રક્ષા માટે બહાર નીકળીશ.

બેનર્જીએ ભાજપ માટે લાભની આગાહી કરતા એક્ઝિટ પોલ્સને ફગાવી દીધા, અને આરોપ લગાવ્યો કે તે ટીએમસી કાર્યકરોનું મનોબળ ઘટાડવા માટે આ રાજકીય કથાનો ભાગ છે. તેઓ જાણે છે કે અમે ૨૨૬ બેઠકોનો આંકડો પાર કરવા માટે તૈયાર છીએ, ભાજપ જાણે છે કે તે ટીએમસીની ગતિને રોકી શકશે નહીં.

તેણીએ પક્ષના નેતાઓને મતદાન અને ગણતરી સુવિધાઓ પર ૨૪ કલાક નજર રાખવા કહ્યું છે. દિવસ દરમિયાન તમારા કાર્યકરોને ફરજ પર રાખો, પરંતુ રાત્રે તમે જાતે જ ચોકી સંભાળો. ચોકી રાખો! જો હું ચોકી કરી શકું છું, તો તમે પણ કરી શકો છો. રાતભર જાગતા રહો, અને સવારે આગામી ટીમને રક્ષણ સોંપ્યા પછી જ સૂઈ જાઓ. મુખ્યમંત્રીએ ૨૦૨૧ ની ચૂંટણી તરફ ઈશારો કરતા કહ્યું કે એક્ઝિટ પોલમાં પણ ભાજપની જીતની આગાહી કરવામાં આવી હતી પરંતુ અંતિમ પરિણામો પ્રતિબિંબિત કરવામાં નિષ્ફળ ગયા હતા. ૨૦૧૬ માં બરાબર એ જ પેટર્ન સામે આવી હતી, અને ૨૦૨૧ માં પણ તે જ પુનરાવર્તન થયું છે. વારંવાર, તેમણે જે એક્ઝિટ પોલ્સ દર્શાવ્યા છે તે સંપૂર્ણપણે ભાજપની તરફેણમાં હોય છે. મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો કે મતગણતરી પહેલા ધારણાને આકાર આપવા માટે મીડિયા વાર્તાઓ ઘડવામાં આવી રહી છે. તેણીએ દાવો કર્યો કે ભાજપે ટેલિવિઝન આઉટલેટ્સને સંદેશાવ્યવહાર કર્યો હતો અને કહ્યું હતું કે તેમને ગુપ્ત માહિતી મળી છે જે સૂચવે છે કે અંદાજો રાજકીય રીતે પ્રેરિત છે. ભાજપે આ મીડિયા ઝુંબેશનું આયોજન કર્યું તેનું કારણ એ છે કે તેઓ સ્પષ્ટપણે સમજે છે કે તેઓ અમને રોકી શકતા નથી.

ટીએમસીના વડાએ કાર્યકરોને ચેતવણી આપી હતી કે તેઓ ખાસ કરીને સ્ટ્રોંગ રૂમથી મતગણતરી હોલ સુધી પરિવહન દરમિયાન, ઈવીએમના સંચાલન પર નજર રાખે. આ મહત્વપૂર્ણ સમય દરમિયાન, જ્યારે ઈવીએમ મશીનો તેમની સ્ટોરેજ સુવિધાઓથી મતગણતરી હોલમાં લઈ જવામાં આવી રહ્યા છે, ત્યારે ભાજપે ''મશીનો બદલવા માટે'' એક કાવતરું ઘડ્યું છે.

### ટેકનોલોજી ન્યાયમાં મદદરૂપ થવી જોઈએ, અવરોધક નહીં: ગુજરાત હાઈકોર્ટ

# વીડિયો કોન્ફરન્સથી છૂટાછેડાને મંજૂરી

## NRI પતિને રૂબરૂ હાજર રહેવામાંથી હાઈકોર્ટે આપી મુક્તિ : ફેમિલી કોર્ટનો નફિઝિકલ હાજરીથનો આગ્રહ વધુ પડતો ટેકનિકલ ગણાવી હાઈકોર્ટે ફગાવ્યો; વર્ચ્યુઅલ હાજરીથી હવે પ્રક્રિયા સરળ બનશે



અમદાવાદ, તા. ૩૦

ગુજરાત હાઈકોર્ટે એનઆરઆઈ પક્ષકારો માટે એક અત્યંત પ્રગતિશીલ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવાના કેસમાં વિદેશ રહેતા પતિ કે પત્ની વીડિયો કોન્ફરન્સ (VC) દ્વારા હાજરી આપી શકે છે. હાઈકોર્ટે ફેમિલી કોર્ટના તે આદેશને રદબાતલ ઠેરવ્યો હતો જેમાં પતિને ઓસ્ટ્રેલિયાથી રૂબરૂ હાજર રહેવા ફરજ પાડવામાં આવી હતી. જસ્ટિસ જે.સી. દોશીએ અવલોકન કર્યું હતું કે, પ્રક્રિયાગત જડતા વાસ્તવિક ન્યાયના માર્ગમાં અવરોધ ઊભી ન કરવી જોઈએ.

કેસની પ્રાપ્ત વિગત એવી છે કે, એપ્રિલ ૨૦૨૪માં લગ્ન ગ્રંથિથી જોડાયેલું એક દંપતી માત્ર ૬ દિવસ સાથે રહ્યા બાદ વૈચારિક મતભેદોને કારણે અલગ થયું હતું. બંનેએ પરસ્પર સંમતિથી છૂટાછેડા માટે ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. જોકે, પતિ ઓસ્ટ્રેલિયામાં સ્થાયી હોવાથી તેણે વીડિયો કોન્ફરન્સ દ્વારા નિવેદન નોંધવાની માંગ કરી હતી. ફેમિલી કોર્ટે આ માંગ નકારી કાઢી રૂબરૂ હાજર રહેવાનો આગ્રહ રાખતા મામલો હાઈકોર્ટ પહોંચ્યો હતો.

કોર્ટે ફેમિલી કોર્ટના અભિગમની ટીકા કરી હાઈકોર્ટે આકરા શબ્દોમાં જણાવ્યું કે, જ્યારે બંને પક્ષો સંમતિથી છૂટા પડવા માંગતા હોય ત્યારે કોર્ટે બિનજરૂરી ટેકનિકલ અવરોધો ઊભા કરી પક્ષકારોની મુશ્કેલી વધારવી જોઈએ નહીં. ટેકનોલોજીનો ઉપયોગ ન્યાય પ્રક્રિયાને સરળ બનાવવા માટે થવો જોઈએ.

### હાઈકોર્ટના મહત્વના નિર્દેશો

NRI પતિ પોતાના સ્થાનેથી પોર્ટેબલ ડિવાઈસ (મોબાઈલ/લેપટોપ) દ્વારા વીડિયો કોન્ફરન્સથી જોડાઈ શકશે. ફેમિલી કોર્ટે વીડિયો કોન્ફરન્સ માટે નિશ્ચિત સમય અને તારીખ નક્કી કરી તેની લિંક અરજદારના ઈમેલ પર મોકલવાની રહેશે. જો પત્ની પતિની ઓળખ બાબતે શંકા વ્યક્ત કરે, તો પતિએ ભારત સરકાર માન્ય ઓળખપત્ર (પાસપોર્ટ/આધાર) ડિજિટલ માધ્યમથી રજૂ કરવાનું રહેશે. સ્પષ્ટ સંવાદ: વીડિયો કોન્ફરન્સ દરમિયાન પતિ સ્પષ્ટ રીતે દેખાય અને તેનો અવાજ સંભળાય તે સુનિશ્ચિત કરવા હાઈ કોર્ટે તાકીદ કરી છે.

### રિવરફ્રન્ટ પરથી મળેલી લાશનો ભેદ ઉકેલાયો: અકસ્માત નહીં પણ ક્રૂર હત્યા!

# ‘ટેટૂ’ અને DNA ટેસ્ટથી મૃતકની થઈ ઓળખ હત્યારાઓએ ચહેરો પીંખી નાખ્યો’તો

## મૃતક ગાંધીનગરના રાંધેજાનો યુવક નીકળ્યો; પુરાવાનો નાશ કરવા લાશ નદીમાં ફેંકી દેવાઈ હતી, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

રાજકોટ, તા. ૩૦

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પરથી થોડા દિવસો પૂર્વે મળી આવેલી અજાણ્યા યુવકની લાશના કેસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. શરૂઆતમાં ડૂબી જવાથી મોત થયું હોવાનું જણાતું હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ઊંડાણપૂર્વકની તપાસમાં આ એક સુનિયોજિત હત્યા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ટેટૂના આધારે મૃતકની ઓળખ કરી હવે અજાણ્યા હત્યારાઓને પકડવા જાળ બિછાવી છે.

માથા અને ચહેરા પર અસંખ્ય ઘા ઝીંક્યા તપાસમાં સામે આવ્યું છે કે હત્યારાઓએ યુવકના માથા અને ચહેરાના ભાગે તીક્ષ્ણ તેમજ બોથડ હથિયારોના એટલા ઘા ઝીંક્યા હતા કે ચહેરો ઓળખવો મુશ્કેલ બની ગયો હતો. હત્યા બાદ મૃતકની ઓળખ છુપાવવા માટે લાશને નદીમાં ફેંકી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરાયો હતો. જોકે, હાથ પર ત્રોફાવેલા 'ઉ, ઉત્ર્ફ, ભાવેશ અને ધવલ' નામના ટેટૂ પોલીસ માટે તપાસની કડી બન્યા હતા.

ઉગઅ રિપોર્ટમાં થઈ ઓળખ મૃતકની ઓળખ ગાંધીનગરના રાંધેજા ગામના ધવલ રાવળ તરીકે થઈ છે. ધવલ ગુમ થયો હોવાથી તેના પિતા સોમાભાઈએ



પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે લાશનો ફોટો બતાવ્યા બાદ શંકા જતાં ઉગઅ સેમ્પલ લેવાયા હતા, જે મેચ થતા લાશ ધવલની જ હોવાનું કન્ફર્મ થયું હતું. મૃતકને પાંચ વર્ષનો પુત્ર છે અને તેની પત્ની દોઢ વર્ષથી પિયરમાં રહેતી હોવાનું ખૂલ્યું છે. હાલ સાબરમતી રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે હત્યાનો ગુનો નોંધી અંગત મિત્રો અને સંબંધીઓની પૂછપરછ હાથ ધરી છે.

### ડિજિટલ નફાની માયાજાળઃ ત્રઅઈક્ના નિવૃત્ત અધિકારી સાથે એક કરોડની ઓનલાઇન ઠગાઈ

# વૃદ્ધને ૧.૫૩ કરોડનો નફો બતાવી ઉતાર્યા શીશામાં

**‘અરેઝ ટ્રેન્ડ’ ગ્રુપના નામે ખેલ ખેલાયો : સાયબર માફિયાઓ બેકાબૂઃ જાગૃતિ ઝુંબેશ છતાં શિક્ષિત વર્ગ પણ શિકાર બનતા અનેક સવાલો**

રાજકોટ, તા. ૩૦

રાજ્યમાં સાયબર ઠગોનો આતંક સીમા વટાવી રહ્યો છે. પોલીસની સતત જાગૃતિ ઝુંબેશ છતાં, ભેજાબાજો નવી નવી તરકીબો અજમાવીને લોકોની જીવનભરની મૂડી સેરવી રહ્યા છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો વડોદરામાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં GACL (ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ) ના નિવૃત્ત એડિશનલ મેનેજરને શેરબજારમાં રોકાણના નામે ૧ કરોડનો ચૂનો લગાડવામાં આવ્યો છે.

ગ્રુપ એડમિને જાળ બિછાવી ફરિયાદ મુજબ, હરણી મોટનાથ રોડ પર રહેતા રાકેશ દેસાઈને ગત ૧૮ નવેમ્બરે પઅરેઝ ટ્રેન્ડથ નામના એક વોટ્સએપ ગ્રુપમાં ઉમેરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને ‘VIP ગ્રુપપમાં લઈ જઈ સરબરી શહા નામની ગ્રુપ એડમિને રોકાણ માટે લલચાવ્યા હતા. શરુઆતમાં વિશ્વાસ જીતવા માટે તેમને ઇન્વેસ્ટમેન્ટ ટિપ્સ આપવામાં આવી અને ત્યારબાદ એક શંકાસ્પદ લિંક મોકલી KYCના નામે તમામ વિગતો મેળવી લેવામાં આવી હતી.

સ્ક્રીન પર દેખાતો નફો માત્ર ભ્રમ હતો નિવૃત્ત અધિકારી જેમ જેમ રૂપિયા ટ્રાન્સફર કરતા ગયા, તેમ તેમ તેમના ડિજિટલ એકાઉન્ટના પોર્ટફોલિયોમાં નફો વધતો જતો હતો. એક તબક્કે એક કરોડના રોકાણ સામે ૧.૫૩ કરોડનો માતબર નફો દેખાતો હતો. પરંતુ, જ્યારે તેમણે આ રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઠગોએ વધુ નાણાંની માંગણી કરી હતી. છેવટે છેતરાયા હોવાનો અહેસાસ થતા તેમણે સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી છે.

### સાયબર ઠગોની ‘મોડસ ઓપરેન્ડી’: લાલચથી લૂંટ સુધી

પોલીસ તપાસમાં એવા તારણો બહાર આવ્યા છે કે સોશિયલ મીડિયા પર ‘VIP ઇન્વેસ્ટમેન્ટ ટિપ્સથના નામે ફેક ઇન્વેસ્ટમેંત ગ્રુપ બનાવી લોકોને આકર્ષવા, પ્લેટફોર્મ પર ખોટો અને મોટો નફો બતાવી ડિજિટલ પોર્ટફોલિયો બનાવીરોકાણકારનો વિશ્વાસ જીતવો, જ્યારે રોકાણકાર નફો ઉપાડવા જાય ત્યારે ટેક્સ કે અન્ય ફીના નામે વધુ રકમ પડાવવી તેમજ લોકોની વધુ કમાણી કરવાની, લાલચ, જિજ્ઞાસા અને ઉતાવળનો લાભ ઉઠાવી KYCના નામે ડેટા ચોરવો એ પ્રકારની સાયબર ફ્રોડ કરતા ભેજાબાજોની મોડાસ ઓપરેન્ડી હોવાનું બહાર આવ્યું છે.

# GST કોભાંડના આરોપીને મળ્યા જામીન

રાજકોટ, તા.૩૦

રાજકોટ ડી. સી. બી પોલીસ સ્ટેશનમા ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો મુજબની ફરીયાદ જી. એસ. ટી વિભાગના અધીકારી દ્વારા કુલ ૭ પેઢીઓ સામે નોંધવામા આવી હતી. કૌભાંડમાં પ્લોટ નં.૪૦૩, જૈનમ રેસીડનસી, મદીના હોટલ સામે, અમદાવાદના તોફીક ઉર્ફે પંકજ ઉર્ફે ભાવ રફીકભાઈ રંગરેજ વાળાનું નામ ખૂલતાં તેની ધરપકડ કરાઈ હતી. દરમિયાન તેમણે રાજકોટની સેસન્સ કોર્ટમા જામીન મેળવવા અરજી કરતા કોર્ટે તેમની જામીન અરજી મંજુર કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જી. એસ. ટી વિભાગના અધીકારીએ ૩૦મી નવેમ્બર ૨૦૨૪ નારોજ અલગ અલગ ૭ પેઢીઓ સામે ડી. સી. બી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. મા આશીષ કોમ્પ્લેક્સ, દુકાન નં.૭, દોશી હોસ્પીટલ રોડ, રાજકોટમાં બનાવટી ભાડા કરાર બનાવી, 'ક્રિષ્ના ટ્રેડિંગ' નામની પેઢી ખોલી, ખોટા ભાડા કરારનો ખરા તરીકે ઉપયોગ કરી, જી.એસ. ટી. ઓફીસના સરનામાવાળા બોગસ બીલો રજુ કરી, 'ક્રિષ્ના ટ્રેડિંગ' ના નામથી જી.એસ.ટી. નંબર મેળવી, બોગસ ઈમ્પુટ ટેક્ષ ક્રેડીટ મેળવવા માટે ૭ પેઢીઓના સંચાલકો સાથે મળી, કરોડો રૂપીયાના બનાવટી બીલીંગ તેમજ બનાવટી દસ્તાવેજોના આધારે ખોટી રીતે ઈન્પુટ ટેક્ષ ક્રેડીટ મેળવી સરકારને ૭૯,૨૦,૩૯૮નું આર્થિક નુકશાન પહોંચાડ્યું હતું. સી.જી.એસ.ટી. વિભાગના ઉચ્ચ અધિકારીની આવી ફરીયાદના આધારે રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં રાજકોટ ખાતે બોગસ પેઢી બનાવી. ખોટા બીલ આપ્યા બાદ, ખોટા નાણાકીય વ્યવહારના ભાગ રૂપે એકાઉન્ટમાંથી પૈસા ઉપાડી, આંગડીયા મારફત જેતે વેપારીને પરત મોકલી, ૨-૫ ટકા કમીશન મેળવવામાં અમદાવાદના તોફીક ઉર્ફે પંકજ ઉર્ફે ભાવ રફીકભાઈ રંગરેજનું નામ ખુલતા પોલીસે તેમની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા તોફીકે તેના એડવોકેટ મારફતે રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી.

આરોપીની અટક થયા બાદ અને ચાર્જશીટ થઈ જતા તોફીક ઉર્ફે પંકજ ઉર્ફે ભાવ રફીકભાઈ રંગરેજે પોતાના એડવોકેટ મારફત જામીન મુક્તત થવા માટે સેસન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી કરી હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલા એડવોકેટ




**૭ પેઢીઓ સામેની ફરિયાદ પૈકીના તોફીક રંગરેજનો જામીન પર છૂટકારો**

દ્વારા કરાયેલી દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી, સેશન્સ કોર્ટ દ્વારા તોફીકને જામીન મુક્ત્ત કર્યો છે. આરોપીઓ વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહીસ્તાબેન એસ. ખોખર, દયા કે. છાયાણી, નીમેશ જાદવ, તેમજ નિલેશભાઈ કે.તન્ના રોકાયા હતા.

# ઢગો પંદર વર્ષની બાળાને લલચાવી ભગાડી ગયો

## થોરાળા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી

રાજકોટ,તા.૩૦

અપહરણની વધુ એક ઘટના પોલીસ ચોપડે ચડી છે જેમાં એક ઢગો એક પંદર વર્ષની બાળાને ભગાડી ગયો છે. ચુનારાવાડ વિસ્તારનો શખ્સ તેણીને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી ગયાની એફઆઇઆર દાખલ થતાં પોલીસે તપાસ આરંભી છે.

વિગતો પર નજર કરીએ તો ચુનારાવાડ વિસ્તારની પંદર વર્ષની બાળા અઠ્ઠાવીસમીના રોજ ગૂમ થઇ જતાં શોધખોળ કરવા છતાં પત્તો ન મળતાં તેણીના માતાએ જાણ કરતાં થોરાળા પોલીસ મથકના પીઆઇ એસ. પી. સોઢાએ તેણીની ફરિયાદ પરથી ચુનારાવાડના અરૂણ અજયભાઇ સરવૈયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. અરૂણ આ બાળાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયાનો અને માથે જતાં મહિલાને ગાળો દીધાની ફરિયાદ દાખલ થઇ છે.



# ગુજરાતના વિકાસ મોડલથી વિશ્વ પ્રભાવિત : CM

## ૬૬માં સ્થાપના દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની અસ્મિતાનું મહત્વ વર્ણવ્યું

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશ અને દુનિયામાં વસતા સૌ વ્હાલા ગુજરાતી ભાઈ-બહેનોને રાજ્ય સરકાર અને મંત્રીમંડળના સૌ સભ્યો વતી ૦૧ મે-૨૦૨૬ના રોજ ૬૬માં ‘ગુજરાત સ્થાપના દિન’ની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીના ગુજરાત સ્થાપના-ગૌરવ દિન નિમિતે પ્રજાજોગ સંદેશમાં જણાવ્યું હતું કે,

મુખ્યમંત્રીએ ગુજરાત સ્થાપના દિન નિમિતે સંદેશો પાઠવતા જણાવાયું હતું કે, મહાત્મા ગાંધી, સરદાર સાહેબ, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્યામજી કૃષ્ણ વર્માના આશીર્વાદ, પૂજ્ય રવિશંકર મહારાજ, ઈન્દુચાચા જેવા અનેક મહાપુરુષોની પ્રેરણા અને માર્ગદર્શન, લોકોનો અવિરત કઠોર પરિશ્રમ બધાના સહયોગથી ગુજરાતે પોતાની વિકાસ યાત્રા શરૂ કરી હતી. આજે એ સૌના ઋણ સ્વીકાર કરવાનો અવસર છે.

તેમણે ઉમેર્યુ કે, ગુજરાત ૧લી મે ૧૯૬૦ના દિવસે જ્યારે મુંબઈથી અલગ રાજ્ય બન્યું ત્યારે સૌના મનમાં પ્રશ્ન હતો કે માત્ર રણ, દરિયો અને ડુંગર ધરાવતું રાજ્ય કેવી રીતે આગળ વધશે. પરંતુ,૧૯૬૦થી ૨૦૦૦ના ચાર દાયકાની ગુજરાતની વિકાસયાત્રા અને વર્ષ ૨૦૦૧ પછીના અઢી દાયકાની અવિરત વિકાસયાત્રાનો દીવા જેવો સ્પષ્ટ ફરક સૌ કોઈ આજે જોઈ શકે છે. ગુજરાત આજે વિકાસની એવી ઊંચાઈ પર છે કે વિશ્વ આખું ગુજરાત તરફ આકર્ષાયું છે.તેના મૂળમાં છે આપણને મળેલું નરેન્દ્ર મોદી જેવું વિઝનરી નેતૃત્વ અને વિકાસ માટેની પ્રતિબદ્ધતા.

મુખ્યમંત્રીએ કહ્યુ કે, મોદી સાહેબે વિકાસની રાજનીતિનો યુગ ગુજરાતમાં વિકસાવ્યો. ગુજરાત તેમની પ્રેરણાથી આજે દેશના વિકાસનું રોલ મોડલ બની ગયું છે. જનતા જનાર્દને પણ આ અવિરત વિકાસ યાત્રાને સતત આગળ ધપાવવા માટે મોદી સાહેબના નેતૃત્વમાં અપાર વિશ્વાસ અને ભરોસો મૂક્યો છે. એ જ ભરોસો અને વિશ્વાસ તમે સૌએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની તાજેતરની ચૂંટણીઓમાં પણ અમને પ્રચંડ સમર્થન આપીને અકબંધ રાખ્યો છે.આ પ્રેમનો નત મસ્તકે અમે ઋણ સ્વીકાર કરીએ છીએ.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનએ ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવવા દરેક ક્ષેત્રે વિકાસની ચરમસીમા પાર કરીને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે.વડાપ્રધાનએ વિજળી, પાણી, રોડ નેટવર્ક, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સેવાઓની બેઝિક જરૂરીયાતો સંતોષવા ઉપર ફોકસ કરીને આ બધા ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે. આજે ‘જ્યોતિગ્રામ યોજના’થી ૨૪ કલાક સતત થ્રી ફેઇઝ વીજળી રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ગામો સુધી મળી રહી છે. વીજળી ઉત્પાદનની ક્ષમતા ૮,૭૫૦ મેગાવોટમાંથી વધીને લગભગ ૫૩ હજાર મેગાવોટ થઈ છે.ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે, જ્યાં ગેસ ગ્રીડ, વોટરગ્રીડ અને ઇલેક્ટ્રીસિટી ગ્રીડનું નિર્માણ થયું છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ઔદ્યોગિક-સાંસ્કૃતિક-સામાજિક વિકાસની સાથે આપણે અર્બન ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું અને શહેરી વિકાસ માટેનું બજેટ ૪૦ ટકા વધાર્યુ છે. વેપારી રાજ્ય તરીકે ઓળખાતા ગુજરાતમાં મૂડીરોકાણ વધે, નવા વેપાર ઉદ્યોગો વિકસે તે માટે નરેન્દ્રભાઈએ ૨૦૦૩થી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટની શરૂઆત કરાવી હતી. વાઈબ્રન્ટ સમિટની સતત સફળતાને પગલે ગુજરાત આજે ‘ગ્લોબલ ગેટ-વે ટુ ધી ફ્યુચર’ અને દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજ્ય બન્યું છે. આપણા દરેક જિલ્લાની પોતાની આગવી પ્રોડક્ટ અને વિશેષ સ્ટ્રેન્થ છે. વડાપ્રધાનની પ્રેરણાથી આપણે આ સ્ટ્રેન્થને ‘વોકલ ફોર લોકલથી ગ્લોબલ પ્લેટફોર્મ’ આપવા



વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ શરૂ કરી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની આવી કોન્ફરન્સને જ્વલંત સફળતા મળી છે, હવે દક્ષિણ ગુજરાત પ્રદેશની વી.જી.આર.સી.નો ગુજરાત સ્થાપના દિવસથી સુરતમાં પ્રારંભ થયો છે.

તેમણે ઉમેર્યુ કે, હવેનો જમાનો સોલાર, વિન્ડ અને હાઈબ્રીડ રીન્યુઅલ એનર્જીનો અને ગ્રીન હાઈડ્રોજનથી ગ્રીન ગ્રોથનો છે. ગુજરાતે તો એ દિશામાં ક્યારનુંય આયોજન કરી દીધું છે. આપણી રિન્યુએબલ એનર્જી કેપેસિટી દેશની કુલ કેપેસિટીના ૧૫ ટકા થઈ છે. સોલાર રૂફટોપ યોજનામાં ગુજરાત ત્રણ લાખથી વધુ ઘરો આવરી લઈને બહુ આગળ નીકળી ગયું છે.

એટલું જ નહીં, પરંપરાગત ઉદ્યોગોથી આગળ વધીને આપણે રાજ્યમાં હાઈટેક ઇન્ડસ્ટ્રીઝ સ્થાપનાને વેગ આપ્યો છે. રાજ્યમાં બે સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થયા છે અને બે હજુ થવાના છે. સાણંદ અને ધોલેરા સેમિકોન ઈન્ડસ્ટ્રીના હબ બનવાના છે. અઈ આધારિત ઉદ્યોગોને વેગ આપવા માટે ગિફ્ટ સિટી ખાતે એ.આઈ. સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરી છે.

તેમણે કહ્યુ કે, રાજ્યના સર્વગ્રાહી વિકાસમાં ઈન્ફ્રાસ્ટક્ચર ડેવલપમેન્ટની પણ એટલી જ મહત્વની ભૂમિકા છે. નીતિ આયોગની મદદથી સુરત અને તેની આસપાસના વિસ્તારના સ્ટ્રેટેજીક ડેવલોપમેન્ટ માટે સુરત ઈકોનોમિક રિજીયન ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પણ આવા ૬ રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યા છે.

વિકાસની તકો વધારવાની સાથે સાથે લોકોનું જીવનધોરણ સરળ બને તે માટે આપણે ‘અર્નિંગ વેલ લિવિંગ વેલ’ પર ફોકસ કરીને ૨૦૪૭ના વિકસિત ગુજરાતનો રોડમેપ ઘડ્યો છે. દેશમાં એક માત્ર આપણું ગુજરાત જ એવું રાજ્ય છે જેને આવું આગવું વિકાસ વિઝન વિકસાવ્યું છે. ‘અર્નિંગ વેલ અને લિવિંગ વેલ’ની વિભાવના સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે પર્યાવરણ અનુકૂળ વિકાસનું આપણું લક્ષ્ય છે. પર્યાવરણ જાળવણીથી ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા વડાપ્રધાનએ ‘મિશન લાઈફ’ની પ્રેરણા આપી છે. એનો પ્રતિસાદ આપતાં આપણે વરસાદી પાણીના સંચય માટે 'કેચ ધ રેઈન'ની રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરી છે. 'એક પેડ માં કે નામ' અન્વયે વધુને વધુ વૃક્ષો વાવીને ધરતી માતાને હરિયાળી બનાવી છે. પર્યાવરણ જાળવણી સાથે સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે રમત-ગમતને પણ પ્રોત્સાહન આપીએ છીએ. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહના સફળ પ્રયાસોથી ગુજરાતને ‘કોમનવેલ્થ ગેમ્સ’ની યજમાની કરવાનો અવસર મળ્યો છે. આ કોમનવેલ્થ ગેમ્સથી વિશ્વને ભારતને આંગણે આવકારવા અને ગુજરાતને સ્પોર્ટ્સ હબ બનાવવા આપણે ઉચ્ચ કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યાં છીએ. દેશની આઝાદીના ૧૦૦ વર્ષ ૨૦૪૭માં પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિકસિત ભારત ૨૦૪૭નું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આહવાન કર્યુ છે. ૨૦૪૭ સુધીના આ સમયને તેમણે દેશનો અમૃતકાળ કહ્યો છે. આ અમૃતકાળમાં ગુજરાતને તો તેની સ્થાપનાના ૭૫ વર્ષ અમૃત મહોત્સવ ૨૦૩૫માં ઉજવવાની એક મોટી તક મળી છે. વર્ષ ૨૦૩૫ સુધીમાં આપણે ગુજરાતને દુનિયાને વિકાસનું દિશાદર્શન કરાવનારું મોડેલ સ્ટેટ બનાવવું છે.

# કન્વેન્શનલ હોલનું નિર્માણ ક્યારે ? લોકોમાં ઉઠતો સવાલ

## સૌરાષ્ટ્ર કચ્છના ઉદ્યોગોને મળશે વેગ : મનપા તંત્ર તરફથી આયોજન માત્ર કાગળ પર જ સીમિત : સરકારે ગ્રાન્ટની પણ ફાળવણી કરી છતાં કામગીરી અધરતાલ




રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેર દિવસેને દિવસે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે એ વાત સ્પષ્ટ છે કે હાલ જેમ જેમ વિકાસ વધે તેમ તેમ જરૂરી સુવિધાઓ પણ આપવામાં આવી જોઈએ જે આપવામાં ક્યાંક ને ક્યાંક મહાનગરપાલિકા સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી છે. સૌરાષ્ટ્ર કચ્છની વાત કરવામાં આવે તો રાજકોટ તેનું આર્થિક પાટનગર કહેવાય છે ત્યારે રાજકોટમાં કન્વેન્શનલ હોલ બનાવવા માટેની સરકારે પણ મંજૂરી આપી દીધી અને નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર જગ્યાની પણ ફાળવણી થઈ ચૂકી છે. પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે તંત્ર કોઈ દિવસ મોટા પ્રોજેક્ટ સમયસર શરૂ કરતું નથી અને કોઈક ને કોઈક કારણોસર તે કામ અટકી પડે છે. ત્યારે આવનારા દિવસોમાં આ કન્વેન્શનલ હોલનું કાર્ય શરૂ થાય તે ખૂબ જરૂરી છે કારણ કે તેના પર દરેક ઉદ્યોગકારોની મીટ મંડાયેલી છે.

રાજકોટમાં માળખાગત સુવિધાઓના અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે ભૂતકાળમાં ઔદ્યોગિક એકમો દ્વારા વિવિધ એક્ઝિબિશનો જે કરવામાં આવતા હોય તેના માટે યોગ્ય જગ્યા સરકાર ફાળવે તે માટેની મથામણ કરવામાં આવી હતી ત્યારે સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણી કે જેવો ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે તેઓએ રાજકોટને કન્વેન્શનલ હોલની ભેટ આપી હતી. જે વાતને ખાસો સમય થઈ ગયા બાદ અંતે સરકાર દ્વારા હોલ બનાવવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે સાથોસાથ નવા રેસકોસ પાસે જગ્યા પણ નક્કી કરવામાં આવેલી છે. અને આ કન્વેન્શનલ હોલ પીપીપી ધોરણે યોજાશે તેવું પણ સૂત્રોએ જણાવ્યું હતું. હાલ આ કર્વેસનલ હોલ બનાવવા માટે એક થી બે વખત ટેન્ડર પણ કરવામાં આવ્યા હતા પરંતુ કોઈ પાર્ટી તેમાં આવી ન હતી ત્યારે ફરી વખત તંત્ર કન્વીશનલ હોલ બનાવવા માટેનું ટેન્ડર પ્રસિદ્ધ કરશે તેવું જાણકાર વર્તુળો કહી રહ્યા છે.

પોણા બે લાખ ચોરસ મીટરમાં નિર્માણ પામનાર કન્વેન્શનલ હોલ બનતા ની સાથે જ રાજકોટ સૌરાષ્ટ્ર તથા કચ્છના ઉદ્યોગકારો માટે આશીર્વાદરૂપ નિવડશે કારણ કે અહીં મોટા એક્ઝિબિશનો પણ થશે જે હાલ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે થતા હોય છે. માત્ર એક્ઝિબિશન જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ તથા વિવિધ બેઠકો પણ આ હોલમાં થઈ શકશે. હાલ પીપીપીના ધોરણે આ કન્વેન્શનલ હોલનું નિર્માણ કાર્ય હાથ ધરાશે તેવું સૂત્ર જણાવી રહ્યા છે પરંતુ જે ગતિથી કામગીરી થવી જોઈએ તે થઈ શકી નથી જેને લઈને હાલ અનેકવિધ પ્રશ્નો પણ ઊભા થયા છે. પાંચ વખત ટેન્ડર માં કોઈ પાર્ટીએ રસ દાખવ્યો ન હતો ત્યારે છઠ્ઠી વખત તંત્ર દ્વારા જે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવશે તેમાં પાર્ટી રસ દાખવશે કે કેમ તે પણ સૌથી મોટો પ્રશ્ન હાલ ઉભો થયો છે.

આ પ્રોજેક્ટ માટે મનપાએ અગાઉ પાંચ વખત પ્રયાસો કર્યા હતા અને કેન્દ્ર સરકારે તે સમયે રૂ.૧૦ કરોડ ફાળવી પણ દીધા હતા. જોકે, કોઈ યોગ્ય એજન્સી ન મળતા પ્રોજેક્ટ વિલંબમાં પડ્યો હતો. હવે મનપાએ ફરીથી 'ટ્રાન્ઝેક્શન એડવાઈઝર'ની નિમણૂક માટે ટેન્ડર બહાર પાડ્યા છે. આ એડવાઈઝર પ્રોજેક્ટની ફિઝિબિલિટી તપાસશે, નાણાકીય એનાલિસિસ કરશે અને ટેક્નિકલ રિપોર્ટ કેન્દ્ર સરકારને મોકલશે. સ્થાનિક રોજગારી-અર્થતંત્રને બૂસ્ટ મળશે આ સેન્ટર કાર્યરત થવાથી સૌરાષ્ટ્રના એન્જિનિયરિંગ, ફોર્જિંગ અને ટેક્સટાઈલ ઉદ્યોગને નવું બળ મળશે. સ્થાનિક વેપારીઓ પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન આંતરરાષ્ટ્રીય ખરીદદારો સામે કરી શકશે, જેનાથી રોજગારીની નવી તકો ઊભી થશે અને સ્માર્ટ સિટી વિસ્તારમાં રિઅલ એસ્ટેટ માર્કેટને પણ મોટો ફાયદો થશે. કન્વેન્શનલ હોલનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા જ રાજકોટ થતા સૌરાષ્ટ્ર કચ્છની અર્થવ્યવસ્થાને પણ ખૂબ મોટો ફાયદો મળશે તેવું સૂત્રો કહી રહ્યા છે. સૌરાષ્ટ્ર કચ્છમાં ખૂબ મોટા વેપારીઓ અને મોટા ઉદ્યોગો પણ આવેલા છે ત્યારે કન્વેન્શનલ હોલ બનતા ની સાથે જ જે ગાંધીનગર સુધીનો ધક્કો થતો હતો તે નહીં થાય અને સૌરાષ્ટ્રની તથા કચ્છ વિસ્તારની અર્થવ્યવસ્થાને પણ ખૂબ મોટો ફાયદો પહોંચશે. મહાનગરપાલિકા પણ આ અંગે શું પગલાં લઈ રહી છે તે માટે પણ હાલ કોઈ નક્કર આયોજન જણાતું નથી માત્ર કાગળો ઉપર જ આયોજન થઈ રહ્યા હોવાનું જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે.




# વર્ષાઋતુની આગમચેતીના ભાગરૂપે સોમવારે બેઠક

## વહીવટી તંત્રની તૈયારીઓ અંગે કલેક્ટર કરશે સમીક્ષા : વિપરીત પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર થશે માસ્ટર પ્લાન

રાજકોટ, તા. ૩૦

હવામાન વિભાગમાં હાલ સતત મોટા ઉલટફેર થઈ રહ્યા છે ત્યારે રાજકોટ જિલ્લામાં હાલ હીટવેવની આગાહી છે ત્યારે પ્રીમોન્સુન એક્ટિવિટી શરૂ થઈ ચૂકી છે. તો બીજી તરફ આગામી વર્ષાઋતુને ધ્યાને લઈ જિલ્લામાં શું સ્થિતિ છે અને આપાતકાલીન પરિસ્થિતિ આવે તો વહીવટી તંત્ર તેને પહોંચી વળશે કે કેમ તે અંગે અનેકવિધ ચર્ચાઓ ચાલી રહી છે જેના ભાગરૂપે કલેક્ટર દ્વારા પ્રિમોન્સૂન અંગેની બેઠક બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સોમવારના રોજ આ બેઠક યોજાશે જેમાં વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવશે અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે તેવું વહીવટી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

રાજકોટ જિલ્લામાં આગામી વર્ષાઋતુ દરમિયાન સંભવીત ભારેથી અતિ ભારે વરસાદ થવાને કારણે પુર, અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિ તેમજ વાવાઝોડા અને અન્ય આપત્તિના સમયે તાત્કાલીક તકેદારીના પગલ લઈ રાહત બચાવની કામગીરી તાકીદના ધોરણે હાથ ધરી શકાય તે માટે પૂર્વ તૈયારીના ભાગરૂપે કલેકટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુન- પ્રિપેર્ડનેસ અંગેની બેઠક જિલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૪ને સોમવારે સાંજના ૪ કલાકે આયોજીત કરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા પંચાયત, નગરપાલિકા, રેવન્યુ, જિલ્લાના તમામ મામલતદારો, પોલીસ અધિકારીઓ, આરોગ્ય અધિકારીઓ સહિતની બે ડઝન કચેરીઓ અને વિવિધ વિભાગોના અધિકારીઓને ઉપસ્થિત રહેવા ફરમાન કરવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રતિવર્ષ ચોમાસા દરમિયાન રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થતો હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. ત્યારે આગામી ચોમાસા દરમિયાન રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તેમજ પુર પ્રકોપ સહિતની કુદરતી આપત્તિ સમયે રાહત બચાવના પગલા તાબડતોબ લઈ શકાય તે માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે.

# ભાજપની ઋણસ્વીકાર રેલી રદ

## સ્વ. ચીમનભાઈ શુકલના ધર્મપત્નીનું અવસાન થતા લેવાયો નિર્ણય : રાજમાર્ગો પર ૫૦૦થી વધુ ગાડીઓ અને ૫૦૦ થી વધુ સ્કુટર સાથેની રેલીનું હતું આયોજન : ભાજપમાં શોકની કાલીમા



રાજકોટ, તા. ૩૦

સમગ્ર ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે. રાજકોટ મહાનગરપાલિકામાં ભાજપને ૬૫ બેઠકો પર જીત મળી છે. જેના ભાગરૂપે શહેર ભાજપ દ્વારા રાજકોટના નગરજનોનો ઋણ સ્વીકાર કરવા અને ભારતીય જનતા પાર્ટીના વિજયોત્સવને વધાવવા માટે આજે સાંજે સાડા પાંચ વાગ્યે શહેરના સામા કાંઠા વિસ્તારમાં આવેલ ગીરીરાજ પાર્ટી પ્લોટ, જુના મોરબી રોડ ખાતેથી એક વિશાળ વિજય ઉત્સવ અને ઋણ સ્વીકાર મહારેલીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું પરંતુ આ રેલી આવે રદ કરવામાં આવી છે જેની પાછળનું મુખ્ય કારણ એ છે કે સ્વર્ગસ્થ ચીમનભાઈ શુકલના ધર્મપત્નીનું અવસાન થયું છે.

આ દુઃખદ પ્રસંગ ની માહિતી મળતા જ શહેર ભાજપ દ્વારા ઋણ સ્વીકારેલી રદ કરવાની જાહેરાત કરવામાં આવી. ભાજપ દ્વારા આ રેલી જુના રાજકોટ થી શરૂ થઈ નવા રાજકોટમાં કોણ થવાની હતી અને ખૂબ મોટો વિસ્તાર પણ રેલીમાં કવર કરવા માટેનું આયોજન કર્યું હતું. રાજમાર્ગો પર કેસરીયો લહેરાઈ સાથે ૫૦૦થી વધુ ગાડીઓ અને ૫૦૦ થી વધુ સ્કુટર સાથેની વિશાળ વિજયોત્સવ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારેલીનું સંપૂર્ણ આયોજન રાજકોટ શહેરના ઝોન પ્રભારી અને મહામંત્રી અનિરુધ્ધભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી મહામંત્રી વલ્લભભાઇ દુધાત્રા, લલીતભાઇ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજાના વડ પણ હેઠળ તથા પૂર્વ શહેર અધ્યક્ષ નીતીનભાઇ ભારદ્વાજ, મુકેશભાઇ દોશી, પૂર્વ કોર્પોરેટર પુષ્કરભાઈ પટેલ અને દેવાંગભાઈ માંકડના નેતૃત્વમાં અને દેખરેખ હેઠળ યોજવાની હતી પરંતુ હાલ સ્વર્ગસ્થ ચીમનભાઈ શુકલના ધર્મપત્નીનું અવસાન થતા ભાજપમાં શોકની લાગણી વ્યાપી છે.

# ચૂંટણી ખર્ચની વિગત પંચને મોકલવા તાકીદ

## મર્યાદાથી વધુ ખર્ચ થયો હશે તો નોટિસની બજવણી : ૧૩ મી સુધીમાં રિપોર્ટ મોકલવા ચૂંટણી વિભાગની સૂચના



રાજકોટ, તા. ૩૦

સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ હતી અને તેના પરિણામો પણ જાહેર થઈ ચૂક્યા છે તો બીજી તરફ હાલ વહીવટી વિભાગ અને ખાસ ચૂંટણી તંત્ર તરફથી ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે અને ઉમેદવારો દ્વારા કરવામાં આવેલા ખર્ચની વિગતો મોકલી આપવા માટે પણ હાલ ચૂંટણી વિભાગ દ્વારા તાકીદ કરવામાં આવી છે. આવેલી તમામ માહિતીઓનું અવલોકન કરી જે ઉમેદવારોએ મર્યાદા કરતા વધુ ખર્ચ કર્યો હશે તેઓને નોટિસ પણ ફટકારવામાં આવશે તેવું હાલ જાણવા મળ્યું છે.

રાજકોટ મહાનગર પાલિકા તેમજ જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારોએ ચૂંટણી ખર્ચની વિગતો ચૂંટણી અધિકારીઓને મોકલી આપવા માટે તાકીદ કરી દેવામાં આવી છે. હાલ જે વિગતો મળી રહી છે તેને અંતર્ગત જે જે ઉમેદવારોએ ચૂંટણી ખર્ચમાં જે ખર્ચ કરેલો હોય તેનો રિપોર્ટ ૧૩ મી તારીખ સુધી રાજ્ય ચૂંટણી આયોગને મોકલવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે માત્ર મહાનગરપાલિકા જ નહીં પરંતુ નગરપાલિકા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે જે ઉમેદવારોએ ખર્ચ કર્યો છે તે તમામની વિગત મોકલવાની રહેશે.ચૂંટણી પૂરી થતા જ હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્ણ થતા જ હવે ઉમેદવારો પાસેથી ખર્ચની વિગતો પહોંચાડવા તાકીદ કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં નિયત કરતા વધુ ખર્ચ કરનારા ઉમેદવારોને નોટીસ ફટકારવામાં આવનાર છે.

# ચોમાસુ ખેંચાય તો સૌરાષ્ટ્રમાં પાણીની સર્જાશે હાલાકી



## રાજકોટના રહેવાસીઓને પણ પાણી પ્રશ્ન સતાવશે : દિન પ્રતિ દિન પીવાના પાણીનો વધી રહ્યો છે ઉપાડ

રાજકોટ, તા. ૩૦

સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યના વાતાવરણમાં હાલ અનેક મોટો બદલાવ થઈ રહ્યો છે ત્યારે સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની તકલીફ ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા સૌની યોજના મારફતે દરેક જળાશયોને નર્મદાના નીરથી ભરવા માટેનો નિર્ધાર કરવામાં આવ્યો છે. ત્યારે આ વખતે વાતાવરણની પેટર્નમાં સતત બદલાવ જોવા મળ્યો છે અને હવામાન વિભાગ દ્વારા સુપર અલ નિનોની આગાહી પણ કરી છે જેનાથી એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે કદાચ આ વખતે ચોમાસુ પાછું ખેંચાઈ. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર અને ખાનગી આગાહીકારોના મત મુજબ ચોમાસુ મોડું બેસશે પરંતુ સાર્વત્રિક વરસાદ સામાન્ય રહેશે. ત્યારે એ વાત સ્પષ્ટ છે કે હાલ રાજકોટ શહેર અને જિલ્લામાં પીવાના પાણીની ખપત વધુ હોવાના કારણે મુખ્ય જળાશયોમાંથી પાણીનો વપરાશ વધુ થઈ રહ્યો છે ત્યારે જો ચોમાસુ પાછું ખેંચાય તો પીવાના પાણીનો પ્રશ્ન ઉભો થશે અને ફરી વખત નર્મદા નિરથી ડેમ ભરવા પડશે.

રાજ્યમાં એક તરફ હાલ કાળઝાળ ગરમી પડી રહી છે તો બીજી તરફ જળાશયોમાં પાણીનું સ્તર ઘટી રહ્યું છે. રાજ્યમાં સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયોમાં હાલ ૬૦ ટકા જળસંગ્રહ થયેલો છે. જો કે, સૌરાષ્ટ્રના જળાશયોમાં ૪૪ ટકા અને કચ્છના જળાશયોમાં ૩૬ ટકા જ જથ્થો બચ્યો છે જ્યારે રાજકોટના આજી-૧, ન્યારી-૧માં ૭૦ ટકાથી વધુ જળ જથ્થો ઉપલબ્ધ છે. તેમજ રાજ્યનાી ૮૦ જળાશયોમાં ૨૫ ટકા કરતા ઓછું પાણી જળાશયોની ક્ષમતા મુજબની સ્થિતિ પર નજર કરીએ તો માત્ર ૨ જળાશયો ૧૦૦% કે તેથી વધુ ભરાયેલા છે. ૭૦% થી ૧૦૦% વચ્ચે ૧૯ જળાશયો છે, જ્યારે ૫૦% થી ૭૦% વચ્ચે ૫૧ જળાશયો છે. સૌથી વધુ ચિંતાજનક વાત એ છે કે ૮૦ જળાશયોમાં ૨૫% થી પણ ઓછું પાણી બચ્યું છે, જે આગામી દિવસોમાં પાણીની સમસ્યા વધારવાની સંભાવના દર્શાવે છે.

ચોમાસું મોડું બેસે તો સૌરાષ્ટ્ર-કચ્છમાં પાણીનું સંકટ સર્જાઈ શકે હાલની સ્થિતિ ગયા વર્ષની સરખામણીએ થોડી સારી માનવામાં આવી રહી છે. ૨૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ રાજ્યમાં ૫૧.૬૭% પાણીનો જથ્થો હતો, જ્યારે આ વર્ષે તે વધીને ૬૦.૩૨.૯૦% થયો છે, એટલે કે લગભગ ૯નો વધારો નોંધાયો છે. આંકડા દર્શાવે છે કે રાજ્યમાં પાણીની સ્થિતિ હજી નિયંત્રણમાં છે, પરંતુ ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારોમાં પાણી સંકટની શક્યતા યથાવત છે. આગામી સમયગાળામાં વરસાદ પર રાજ્યની સ્થિતિ નિર્ભર રહેશે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વિપક્ષ માટે શરમજનક

## વિપક્ષનું નેતા પદ પણ ભાજપની દયાને આધીન



ગુજરાતની રાજનીતિમાં હાલ એક અત્યંત ચિંતાજનક અને શરમજનક સ્થિતિ પેદા થઈ છે. લોકશાહીમાં મજબૂત વિપક્ષનું હોવું અનિવાર્ય છે. પરંતુ રાજકોટ સહિત રાજ્યની ૧૦ મહાનગરપાલિકાઓના પરિણામો કંઈક અલગ જ વાર્તા કહે છે. અહીં કોંગ્રેસને કુલ બેઠકોના ૧૦ ટકા બેઠકો પણ મળી નથી. આ આંકડો એટલો ઓછો છે કે નિયમ મુજબ તેમને વિપક્ષનું નેતા પદ પણ મળી શકે તેમ નથી. હવે જો શાસક પક્ષ ભાજપ દયાભાવ રાખે તો જ વિપક્ષને આ પદ મળી શકે. આનાથી મોટી લાચારી વિપક્ષ માટે બીજી કઈ હોઈ શકે? લોકશાહીમાં જ્યારે વિપક્ષ નબળો પડે છે, ત્યારે સત્તાધારી પક્ષ નિરંકુશ બનવાનો ભય રહે છે.

ચૂંટણી પૂર્વે રાજ્યમાં અનેક મુદ્દે સત્તા વિરોધી માહોલ જોવા મળતો હતો. મોંઘવારી, બેરોજગારી અને સ્થાનિક પ્રશ્નોને લઈને લોકોમાં નારાજગી હતી. વિપક્ષ માટે આ એક સુવર્ણ તક હતી. અનુકૂળ માહોલ હોવા છતાં વિપક્ષ જનતાનો વિશ્વાસ જીતવામાં નિષ્ફળ રહ્યો છે. સત્તા મેળવવાની વાત તો દૂર રહી, વિરોધ પક્ષના નેતા પદ જેટલી બેઠકો પણ ન મેળવી શકવી તે પક્ષની વ્યુહાત્મક નિષ્ફળતા છે. આ પરિણામો દર્શાવે છે કે વિપક્ષ જનતાની અપેક્ષાઓ પર ખરો ઉતરી શક્યો નથી.

આ સ્થિતિ કોઈ એકાએક સર્જાયેલી ઘટના નથી. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં વિપક્ષની હાલત સતત કથળી રહી છે. માત્ર રાજકોટમાં જ નહીં, પણ સમગ્ર ગુજરાતમાં આ ચિત્ર સમાન છે. જૂની અને ઘસાઈ ગયેલી રણનીતિ હવે કામ કરી રહી નથી. જનતાના પ્રશ્નોને આક્રમક રીતે ઉઠાવવામાં વિપક્ષ ઉણો ઉતર્યો છે. નેતાગીરીમાં દ્રષ્ટિનો અભાવ અને સંગઠનની નબળાઈ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. વિપક્ષે સમજવું પડશે કે માત્ર સોશિયલ મીડિયા પર વિરોધ કરવાથી ચૂંટણી જીતાતી નથી. પાયાના કાર્યકરો સુધી પહોંચવું અને જનતાની વચ્ચે જવું અનિવાર્ય છે.

હવે સમય આવી ગયો છે કે વિપક્ષે ગંભીરતાથી આત્મમંથન કરવું જોઈએ. સામાન્ય રણનીતિઓ સંપૂર્ણપણે ધરાશાયી થઈ ચૂકી છે. લોકો હવે માત્ર વિરોધ કરવા ખાતર વિરોધ કરતા નેતાઓને પસંદ કરતા નથી. વિપક્ષે તેની નેતાગીરી અને રણનીતિમાં આમૂલ પરિવર્તન લાવવું પડશે. જો હજુ પણ જાગૃત થઈને નક્કર ફેરફારો કરવામાં નહીં આવે, તો લોકશાહીના આ પવિત્ર માળખામાં વિપક્ષનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ શકે છે. શાસકોની પદયાથ પર પદ મેળવવું એ લોકશાહીના રક્ષકો માટે શરમજનક બાબત છે. જનતાના હિત માટે મજબૂત લડત આપવા માટે વિપક્ષે પોતાની આંતરિક શક્તિ અને રણનીતિને ફરીથી બેઠી કરવી જ પડશે. લોકશાહી ત્યારે જ જીવંત રહેશે જ્યારે વિપક્ષ મજબૂત અને સજાગ હશે.

# અમેરિકી સૈનિકો પર મોટો સાયબર હુમલો

## ઈરાન સાથે જોડાયેલા જૂથે ગુપ્ત ડેટા કર્યા લીક

નવીદિલ્હી, તા. ૩૦

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે, સાયબર યુદ્ધ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. ઈરાન સાથે જોડાયેલા માનવામાં આવતા એક હેકટીવિસ્ટ જૂથે યુએસ લશ્કરી દળો પર મોટો સાયબર હુમલો કર્યો છે. આ જૂથે ૨,૩૭૯ યુએસ મરીનનો સંવેદનશીલ ડેટા લીક કર્યો છે. લીક થયેલા ડેટામાં સૈનિકોના નામ, ફોન નંબર, ઘરના સરનામાં, બેઝ સ્થાનો અને તેમની અંગત આદતો વિશેની માહિતી પણ શામેલ છે. આ હુમલામાં ખાસ કરીને પર્શિયન ગલ્ફમાં તૈનાત યુએસ નેવી અને મરીનને નિશાન બનાવવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર, ૨૮-૨૯ એપ્રિલની વચ્ચે, હેકર્સે વોટ્સએપ દ્વારા યુએસ સૈનિકોને ધમકીભર્યા સંદેશા મોકલ્યા હતા. સંદેશાઓમાં કહેવામાં આવ્યું હતું કે, નસ્ત્રઅમે જાણીએ છીએ કે તમે કોણ છો. તમારા પરિવારોને છેલ્લી વાર ફોન કરો.સ્ત્રસ્ત્ર આ સંદેશાઓમાં શાહેદ ડ્રોન અને કાદિર મિસાઇલ જેવા ઈરાની શસ્ત્રોથી હુમલાની ધમકી પણ આપવામાં આવી હતી.

હંડાલા જૂથ હજારો યુએસ નેવી કર્મચારીઓ પર વધારાનો ડેટા ધરાવે છે, જે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. હાલમાં, ટેલિગ્રામ ચેનલ અને વેબસાઇટ પર ૨,૩૭૯ મરીન પર ડેટા જાહેર કરવામાં આવ્યો છે. જૂથે દાવો કર્યો છે કે તે ઈરાનના મીનાબ ક્ષેત્રમાં એક શાળા પર થયેલા હુમલાનો બદલો હતો. જ્યારે હંડાલા પોતાને પેલેસ્ટિનિયન તરફી હેકટીવિસ્ટ જૂથ તરીકે વર્ણવે છે, ત્યારે ત્રસ્ઇઈ અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ જેવી યુએસ એજન્સીઓ તેને ઈરાનના ગુપ્તચર અને સુરક્ષા મંત્રાલય (ખઘઈજ) સાથે જોડાયેલ ફ્રન્ટ ગ્રુપ માને છે. આ જૂથ અગાઉ ઘણા મોટા સાયબર હુમલાઓમાં સામેલ રહ્યું છે, જેમાં તબીબી કંપનીઓ પર હુમલા અને



યુએસ અધિકારીઓના ઇમેઇલ હેકિંગનો સમાવેશ થાય છે.

હુમલા બાદ, પેન્ટાગોન અને યુએસ સાયબર કમાન્ડે એક ચેતવણી જારી કરી હતી, જેમાં સૈનિકોને તેમના અંગત ઉપકરણો અને પરિવારોની સુરક્ષા અંગે સતર્ક રહેવા વિનંતી કરી હતી. યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે આ હુમલાને નસ્ત્રઈરાની શાસન તરફથી નિરાશાસ્ત્રસ્ત્ર ગણાવી હતી અને કહ્યું હતું કે સાયબર સુરક્ષા મજબૂત કરવામાં આવશે. ત્રસ્ઇઈ એ હંડાલા સાથે જોડાયેલા ઘણા ડોમેન જપ્ત કર્યા છે, જોકે આ જૂથ નવા એકાઉન્ટ્સ દ્વારા સક્રિય રહે છે. નિષ્ણાતો માને છે કે આ હુમલો ફક્ત ડેટા ચોરી નથી પરંતુ યુએસ સૈનિકો અને તેમના પરિવારોમાં ભય ફેલાવવા અને મનોબળને ઓછું કરવાના હેતુથી એક મુખ્ય મનોવૈજ્ઞાનિક કામગીરી છે. યુદ્ધ હવે મિસાઇલો અને બોમ્બ સુધી મર્યાદિત નથી; સાયબર હુમલા, ડેટા લીક અને ઓનલાઈન ધમકીઓ પણ યુદ્ધનો અભિન્ન ભાગ બની ગયા છે.

આ ઘટના સ્પષ્ટપણે દર્શાવે છે કે સાયબર યુદ્ધ હવે કોઈ સાઇડશો નથી, પરંતુ વાસ્તવિક યુદ્ધનો એક ભાગ છે. હેન્ડલી દ્વારા કરવામાં આવેલ આ હુમલો દર્શાવે છે કે ઈરાન જેવા દેશો પરંપરાગત શસ્ત્રોની સાથે આક્રમક રીતે ડિજિટલ શસ્ત્રોનો ઉપયોગ કરી રહ્યા છે. તેથી, વૈશ્વિક શાંતિ અને સાયબર સુરક્ષાને મજબૂત બનાવવી મહત્વપૂર્ણ બની ગઈ છે. ઈરાન સાથે જોડાયેલા હેન્ડલી હેક જૂથે ૨,૩૭૯ યુએસ મરીનનો સંવેદનશીલ ડેટા લીક કર્યો છે. આ હુમલામાં પર્સિયન ગલ્ફમાં તૈનાત યુએસ સૈનિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ડેટામાં નામ, ફોન નંબર અને સરનામાં શામેલ છે. અહેવાલો અનુસાર, ૨૮-૨૯ એપ્રિલની વચ્ચે, હેકર્સે વોટ્સએપ દ્વારા યુએસ સૈનિકોને ધમકીભર્યા સંદેશા મોકલ્યા હતા.

# એક્ઝિટ પોલ એક કૌભાંડ : જયરામ રમેશ

## મોટાભાગના અંદાજોમાં પશ્ચિમ બંગાળ અને આસામમાં ભાજપની જીતની કરી આગાહી

નવીદિલ્હી, તા. ૩૦

ગઈકાલે પાંચ ચૂંટણી રાજ્યો (પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી) માટે એક્ઝિટ પોલ જાહેર કરવામાં આવ્યા હતા. મોટાભાગના અંદાજો પશ્ચિમ બંગાળ અને આસામમાં ભાજપની જીતની આગાહી કરે છે, જ્યારે તમિલનાડુમાં **DMK+**, કેરળમાં **LDF** અને પુડુચેરીમાં ભાજપ ગઠબંધન સરકાર બનાવવાની અપેક્ષા રાખે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે આ અંદાજો પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે એક્ઝિટ પોલ એક કૌભાંડ છે. મતદાનનો અધિકાર હવે દાવ પર લાગ્યો છે.

તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર પર પણ નિશાન સાધ્યું. જયરામ રમેશે કહ્યું, ચૂંટણી પંચ આ ચૂંટણીમાં નિષ્પક્ષ નથી. પંચ જ્ઞાનેશ કુમારના શાસનકાળ જેટલું પક્ષપાતી ક્યારેય રહ્યું નથી. તેઓ અગાઉના મુખ્ય ચૂંટણી કમિશનર કરતાં પણ વધુ પક્ષપાતી છે. આ ઘટાડો તેમના અગાઉના વડાના કાર્યકાળ દરમિયાન શરૂ થયો હતો. આ માણસ એક ખેલાડી છે. અમે ચૂંટણી લડતી વખતે પણ ચૂંટણી પંચ સામે લડી રહ્યા હતા. સંસદમાં રજૂ કરાયેલા અમારા મહાભિયોગ પ્રસ્તાવમાં તેમની સામે નવ આરોપો છે.

જો મુખ્ય ચૂંટણી કમિશનર સામે મહાભિયોગ પ્રસ્તાવ ફરીથી નકારી કાઢવામાં આવે તો પણ, અમે તેમને હટાવવા માટે ફરીથી નોટિસ આપીશું. હવે મતદાનના અધિકારને મૂળભૂત અધિકાર બનાવવાનો સમય છે.



મતદાન એ નાગરિકોનો વૈધાનિક અધિકાર છે. ભારતના બંધારણના મુસદ્દા ઘડવામાં યોગદાન આપનાર નંદલાલ બોઝના પરિવારનો પણ મતદાર યાદીમાં સમાવેશ નથી. જયરામ રમેશે કહ્યું, નસ્ત્રવાસ્તવિક ભારતીય નાગરિકોને તેમના મતદાનના અધિકારથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. આ બતાવે છે કે આ બધું કેવી રીતે થયું છે. અમિત શાહના ૩ પડીથ શું હતા - ડિટેક્ટ, રિમૂવ અને એક્સપ્લોર? તમે કેટલા (બિન-ભારતીય) લોકોને શોધી કાઢ્યા છે, કેટલાને તમે દૂર કર્યા છે, અને કેટલાને તમે દેશમાંથી હાંકી કાઢ્યા છે? મતદાનનો અધિકાર હવે જોખમમાં છે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે ચૂંટણી પંચ પર ગંભીર આરોપો લગાવ્યા છે, એક્ઝિટ પોલને રેકેટ ગણાવ્યા છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પક્ષપાતી ગણાવ્યા અને મહાભિયોગની નોટિસની માંગણીનો પુનરાવર્તિત કર્યો. જયરામે કહ્યું, મતદાનનો અધિકાર જોખમમાં છે. તેમણે અમિત શાહની પડિટેક્ટ, ડિલીટ, ડિપોર્ટથ નીતિ પર પણ પ્રશ્નો ઉઠાવ્યા.

# અમિત શાહનું મિશન પંજાબ



**ડ્રગ્સના મુદ્દા પર AAPને ઘેરવાની શરૂ કરી તૈયારી**

નવીદિલ્હી, તા. ૩૦

પાંચ રાજ્યોમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ, ભાજપે મિશન પંજાબનો અમલ શરૂ કરી દીધો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હવે દર મહિને પંજાબની મુલાકાત લેશે. તેઓ પંજાબમાં ડ્રગ્સ વિરોધી ઝુંબેશ શરૂ કરશે. આગામી વર્ષે ફેબ્રુઆરીમાં ઉત્તર પ્રદેશ, ગોવા, ઉત્તરાખંડ અને મણિપુર સાથે પંજાબમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. બાકીના ચાર રાજ્યોમાં ભાજપની સરકારો સત્તામાં છે, પરંતુ ભાજપ પંજાબમાં પોતાનો પગ મજબૂત કરવા માટે ઉત્સુક છે. અહેવાલો અનુસાર, અમિત શાહનું મિશન પંજાબ મે મહિનામાં શરૂ થશે. તેઓ મે મહિનામાં પંજાબનો પ્રવાસ કરશે. આ સમયગાળા દરમિયાન, ભાજપ સમગ્ર પંજાબમાં ડ્રગ્સ વિરોધી ઝુંબેશ પણ શરૂ કરશે. રાજ્ય અને કેન્દ્રના વરિષ્ઠ ભાજપના નેતાઓ પણ વિવિધ સ્થળોએ અને અલગ અલગ સમયે આ ઝુંબેશમાં જોડાશે. ભાજપના નેતાઓ જનતાને એ પણ જણાવશે કે પંજાબ એક સરહદી રાજ્ય હોવાથી, ભાજપ સરકારની રચના ડબલ-એન્જિન સરકાર દ્વારા સરહદ પાર ડ્રગ્સની હેરાફેરી પર કાબુ મેળવવામાં મદદ કરશે.

ખરેખર, ભાજપ ચૂંટણી પહેલા ડ્રગ્સની હેરાફેરીને મુખ્ય મુદ્દો બનાવવા માંગે છે, અને તેની સામે જનજાગૃતિ અભિયાન શરૂ કરશે. ભાજપના નેતાઓ કહે છે કે અમિત શાહે ડ્રગ્સ સામે રાષ્ટ્રવ્યાપી યુદ્ધ છેડ્યું છે, અને પંજાબને પણ ડ્રગ્સ મુક્ત બનાવવામાં આવશે. પાર્ટી માને છે કે ડ્રગ્સના વ્યસનથી પંજાબમાં લાખો ઘરો બરબાદ થઈ ગયા છે, અને યુવાનોમાં આ વ્યસન પરિવારોને તોડી રહ્યું છે. ભાજપ માને છે કે આ ઝુંબેશને જાહેર સમર્થન અને સમર્થન મળશે, સાથે જ ડ્રગ્સના દુરૂપયોગને રોકવામાં પંજાબ સરકારની નિષ્ફળતાને પણ ઉજાગર કરવામાં આવશે. આ યાત્રાનો હેતુ રાજ્યની આમ આદમી પાર્ટી સરકારને આ મુદ્દા પર ખુલ્લી પાડવાનો છે. અમિત શાહ લાંબા સમયથી પંજાબમાં ડ્રગ્સ વિરુદ્ધ યાત્રાનું આયોજન કરી રહ્યા છે.

પાર્ટી પ્રમુખ તરીકે, તેમણે ૨૦૧૬ માં ભાજપ-અકાલી ગઠબંધન સરકાર દરમિયાન આ યાત્રા શરૂ કરવાની યોજના બનાવી હતી, પરંતુ આંતરિક મુદ્દાઓને કારણે આ નિર્ણય ટાળી દેવામાં આવ્યો હતો. ૨૦૨૨ માં, આમ આદમી પાર્ટીએ પણ વિધાનસભા ચૂંટણીમાં ડ્રગ્સના દુરૂપયોગને મુખ્ય મુદ્દો બનાવ્યો હતો, અને આને તેની જીતમાં એક મુખ્ય પરિબળ માનવામાં આવ્યું હતું. ભાજપે પંજાબની ચૂંટણી એકલા લડવાનો નિર્ણય લીધો છે. પાર્ટી તેના જૂના સાથી, શિરોમણી અકાલી દળ સાથે ગઠબંધન નહીં કરે. અમિત શાહે આ વર્ષે માર્ચમાં મોગામાં બદલાવ રેલી સાથે પંજાબમાં ભાજપનો ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો. પાર્ટીને આશા છે કે આ ડ્રગ વિરોધી ઝુંબેશ પંજાબના દરેક ખૂણા સુધી પહોંચશે, કારણ કે પંજાબનો લગભગ દરેક વિસ્તાર ડ્રગ્સથી પ્રભાવિત છે. વધુમાં, ભાજપ માને છે કે પંજાબમાં જમીની પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. આમ આદમી પાર્ટીની સરકાર પોતાના વચનો પૂરા કરવામાં નિષ્ફળ ગઈ છે, તો કોંગ્રેસ પણ આંતરિક જૂથવાદનો સામનો કરી રહી છે. સરદાર પ્રકાશ સિંહ બાદલના મૃત્યુ બાદ અકાલી દળ પણ આંતરિક મતભેદોમાં ફસાયેલું છે. તેથી, ભાજપ આ વખતે પંજાબને રાજકીય રીતે ફળદ્રુપ જમીન તરીકે જુએ છે.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## વિપશ્યના એટલે શીલ, સમાધિ, અને પ્રજ્ઞાનાં ત્રિસ્તરીય આવરણ વડે ચિત્તશોધન અને સદગુણ વર્ધન માટેની પ્રક્રિયા,



આજે વૈશાખ સુદ પૂનમ એટલે બુદ્ધ પૂર્ણિમા, અને નાગર નરસિંહની જન્મ જયંતી છે. આજનાં સમયમાં કે જ્યારે આપણે વિજ્ઞાન વિકાસની રીતે ખૂબ આગળ વધી રહ્યાં છીએ,પણ જેમ જેમ વિજ્ઞાન વિકાસ કરે છે, તેમ તેમ આપણી શાંતિ જાણે હણાતી જતી હોય એવું લાગે છે. પણ ભગવાન બુદ્ધ એ દર્શાવેલી શાંતિ અને વિપશ્યના એટલે કે સુખધામ માટેની કેટલીક વાતો આપણને માનવા જેવી લાગે છે. સુખ અને શાંતિ માટે દરેકની વ્યાખ્યા અલગ હોય છે, ભગવાન ગૌતમ બુદ્ધે શાંતિ માટે મહેલ છોડી દીધો, અને આપણે મહેલની શોધમાં શાંતિ છોડી દીધી, બસ આટલો જ ફેર છે.માટે એ બુદ્ધ કહેવાયા, અને આપણે બુધ્ધુ!! સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ, એ બૌદ્ધ ધર્મનાં સ્થાપક છે. ઈ.સ. પુર્વે ૫૬૩માં બુદ્ધનો જન્મ કપિલવસ્તુ નગરીમાં શાક્ય ક્ષત્રિય પરિવારમાં થયો હતો. જન્મ સમયે તેમનું નામ સિદ્ધાર્થ હતું. જન્મના કેટલાક દિવસો બાદ માતાનું અવસાન થતાં તેમનો ઉછેર તેમની માસી ગૌતમીએ કર્યો હતો. આથી તેને લોકોએ ગૌતમ કહીને બોલાવવાનું શરૂ કર્યું હતું. ગૌતમ બુદ્ધ ૮૦ વર્ષ જીવ્યા હતા. ગૌતમ બુદ્ધને શાક્યમુનિ પણ કહેવાયા

પ્રચલિત માન્યતાઓ પ્રમાણે સિદ્ધાર્થ ગૌતમનો જન્મ મૌર્ય રાજા અશોકના શાસનના ૨૫૦૦ વર્ષ પહેલા થયો હતો. તેઓનો જન્મ પ્રાચીન ભારતનાં લુમ્બિનિમાં, જે આજે નેપાળમાં છે, ત્યાં થયો હતો.તેઓ રાજા સુદ્ધોધન અને રાણી મહામાયાના સંતાન હતા. તેમનાં જન્મ વખતે અથવા તેના થોડાજ સમય બાદ માતા મહામાયાનું અવસાન થયું હતું. એમના નામકરણ વખતે ઘણાં વિદ્વાનોએ ભવિષ્યવાણી કરી હતી કે એ મહાન રાજા અથવા મહાન સદ્‌પુરુષ બનશે. એક રાજકુમાર હોવાથી સિદ્ધાર્થ ગૌતમનો વૈભવી રીતે ઉછેર થયો હતો. ૧૬ વર્ષની વયે તેમનાં લગ્ન યશોધરા સાથે કરવામાં આવ્યાં હતાં. સમય વહેતાં તેમને રાહુલ નામનાં પુત્રનો જન્મ થયો. આમ જોઈએ તો બધું જ હોવાં છતાં તેમને એવું લાગતું કે ભૌતિક સુખ જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય નથી. ૨૯ વર્ષની ઉંમરે એક દિવસ નગરચર્યા દરમ્યાન તેમણે એક વૃદ્ધ વ્યક્તિ, એક રોગી વ્યક્તિ, એક સડી રહેલ મડદું અને એક સાધુને જોયાં. આની તેમનાં માનસ પર ઊંડી અસર થઈ. જીવનનાં આ દુઃખોમાંથી મુક્તિનો માર્ગ શોધવા તેમણે વૈભવી જીવન છોડી એક ભિક્ષુક તરીકે જીવવાં પ્રયાણ કર્યું .

ગૌતમ બુદ્ધ બોધિ એટલે કે નિર્વાણને પ્રાપ્ત કરી શક્યાં, અને આપણે નહીં.અથવા તો જીવનનું મુખ્ય સત્ય જન્મ છે, તેનું મૃત્યુ છે,એ જાણવા છતાં આપણો દેહ મોહ છુટતો નથી. વ્યક્તિએ-વ્યક્તિએ જીવન વિશેની સમજ જુદી હોવાથી, દરેક જણા અહીં બુદ્ધ બની શકે નહીં. ભગવાન બુદ્ધ એ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, તો પહેલાં તો બ્રહ્મજ્ઞાન એટલે શું? જ્ઞાન શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો સમજ થાય, જ્યારે આપણે જ્ઞાન એટલે કે જાણકારી અને માહિતી એવો અર્થ કરીએ છીએ. કેમ જીવન જીવવું જોઈએ! એની સમજ મળે, અને અહીં અસ્તિત્વની મરજીથી બધું સંચાલિત છે, આપણો કાંકરો કંઈ કરી શકે નહીં, એવું અહમને તોડનારુ કોઈ જ્ઞાન કે સમજ પ્રાપ્ત થાય, તો એ બ્રહ્મજ્ઞાન છે. બ્રહ્મજ્ઞાનનો અર્થ જાણકારી કે માહિતી નથી , એતો ગૂગલ પણ આપણને આપી શકે, અને બીજા અન્ય સ્ત્રોત પણ છે. લોક સેવા કે લોક કલ્યાણ માટે જેઓના જીવન વિત્યાં હોય, એવાં કોઈ બુદ્ધ પુરુષનાં જીવનનો બહોળો અનુભવ આપણને બ્રહ્મજ્ઞાન એટલે શું એ સમજાવી શકે, પણ એની માટે જીવનમાં ત્યાગ અને વૈરાગ્યનાં ભાવ આવવાં જરૂરી છે. ભગવાન ગૌતમ બુદ્ધ એક રાજકુમાર તારીખે જન્મ્યા હોવા છતાં પણ, એ બધું જ છોડીને ભીક્ષુક બન્યાં, જ્યારે આપણે તો હજી સતત વધારો કરવામાં જ પડ્યા છીએ, અને એને કારણે આપણે સમાજનાં નાનાં માણસો અનીતિ કરવા માટે મજબૂર બને છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરી થતી ન્હોય, તે લોકો પરિવારના પેટનો ખાડો પુરવા માટે ચોરી, લૂંટફાટ, હિંસા,કે અનીતિ વગેરે કરતાં હોય છે. જ્યારે આપણી ધન કમાવવાની લાલસા અને વધુને વધુ સંગ્રહની નીતિ જો ઓછી થાય તો, તેઓને એ વસ્તુઓ આસાનીથી પ્રાપ્ત થાય, અને કદાચ અનીતિનું આચરણ કરે નહીં. ગૌતમ બુદ્ધે જીવનસાર તરીકે દસ સુવિચાર આપ્યા છે. માનવીએ સંસારિક જીવનની સમસ્યાઓનાં હલ માટે એને અનુસરવું જોઈએ.

**૧, જે વ્યક્તિનું મન શાંત હોય તે અન્ય કાર્ય કરતી વખતે પણ શાંત રહે છે, અને એવી વ્યક્તિએ સત્યને પ્રાપ્ત કરી લીધું છે, માટે તે બધાં દુઃખોથી મુક્ત છે, અને અન્યનાં દુખ ઓછા કરવા જીવે છે, એટલે કે બુદ્ધત્વને પ્રાપ્ત કર્યું છે એવું જાણવું. **૨, વ્યવહારો માટે ખોખલા શબ્દો બોલવાં કરતાં એક શબ્દ એવો બોલવો જે જીવનમાં શાંતિ લાવે, અને કદાચ હરિસ્‌મરણથી વધુ શાંતિ એક પણ શબ્દ લાવી શકે નહીં. **૩, સત્ય અને અસત્યના ભેદ વિશે ભગવાન બુદ્ધ કહે છે કે, જે વ્યક્તિ જાણી જોઈને ખોટું બોલવામાં જરાય સંકોચ અનુભવતો નથી, એ કોઈપણ પ્રકારના પાપનું આચરણ કરી શકે છે, માટે જાગૃત રહીને વાણીનું સત્ય જળવાય એ રીતે બોલવું. **૪, ઘણાં બધાં લોકોની સત્ય માટે જુદી પરિભાષા છે, એટલે કે કોઈનું હિત થતું હોય તો અસત્ય બોલાય, સભામાં પરિષદમાં કે પ્રવચનમાં કે પછી એકાંતમાં પણ ખોટું બોલવું નહીં, કારણ કે એક અસત્ય બીજા સો અસત્યને બોલવા માટે મજબૂર કરે છે, એવું તેમનું કહેવું છે. **૫, જીવનમાં હજાર સ્પર્ધાઓ જીતવા કરતાં, એકવાર પોતાની જાત ઉપર વિજય પ્રાપ્ત કરી લેવો, એ સ્પર્ધાથી ખુદને દૂર લઈ જનાર અને સાચી શાંતિ આપનાર છે. **૬, જે ઘડી ભૂતકાળ બની ગઈ છે, તેનાં ઉપર ધ્યાન આપવું નહીં, અને ભવિષ્યમાં શું થશે? એવું પણ વિચારવુ નહીં, દરેક વ્યક્તિનું આજ એટલે કે વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત હોવું જોઈએ. **૭, સંસારીઓનાં ઘર જેને કારણે તૂટે છે એ શંકા વિશે સમજાવતાં ભગવાન બુદ્ધ કહે છે કે, શંકા સૌથી ખતરનાક છે. એ સંબંધોમાં તિરાડ પાડી શકે છે, અને તે બે મિત્રોને અલગ કરી શકે છે, કે પછી પતિ-પત્ની માતા પિતા અને સંતાન વચ્ચેનાં સંબંધ પણ તોડી શકે છે. **૮, કોઈનાં પણ જીવનમાંથી તેની બુરાઈ એટલે કે અવગુણ શોધવાં કરતાં તેના ગુણ જોઈને તેની સાથે વર્તન કરવું, તો કદાચ લાગણી પ્રેમને હુંફ મળતાં એ તેનાં અવગુણ માંથી બહાર પણ આવી શકે. મૈત્રીભાવ જીવનનો ઉત્કૃષ્ટ ભાવ છે. **૯, સ્વાસ્થ્યથી મોટો કોઇ ઉપહાર નથી, સંતોષથી મોટું કોઇ ધન નથી, અને વિશ્વાસ કે વફાદારીથી મોટો કોઇ સબંધ નથી, એવું તેઓ વારંવાર પોતાના શિષ્યોને કહેતા. **૧૦, ઈર્ષાની લાગણી કોઈને પણ સુખી થવા દેતી નથી, અને અજ્ઞાનને વધારે છે. અજ્ઞાની માણસ બળદ જેવો છે, તે કદથી તો વધે છે, પરંતુ બુદ્ધિ તેની ક્યારેય વધતી નથી. વિપશ્યના એટલે શીલ, સમાધિ, અને પ્રજ્ઞાના ત્રિસ્તરીય આવરણ વડે ચિતશોધન અને સદગુણ વર્ધનની થતી પ્રક્રિયા, કે જે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન બુદ્ધ દ્વારા આત્મ નિરીક્ષણથી શોધવામાં આવી હતી. વિપશ્યના ભારતની એક અત્યંત પુરાતન ધ્યાન વિધિ છે. વિપશ્યનાનો સીધો અર્થ એ છે કે જે વસ્તુ સાચે જેવી છે, તેને તે પ્રકારે જાણવી. અંતરમનની ઊંડાઈઓમાં જઈને આત્મ નિરીક્ષણ દ્વારા આત્મશુદ્ધિ કરવાની સાધના છે. પોતાના નૈસર્ગિક શ્વાસના નિરીક્ષણથી આરંભ કરીને, પોતાનાં શરીર અને ચિત્તધારા પર પળેપળ નિમિત્તક પરિવર્તનશીલ ઘટનાઓનું તટસ્થભાવે નિરીક્ષણ કરતાં કરતાં સાધક અનિત્ય દુઃખ, અને અનાત્મના સાર્વત્રિક સત્યો પ્રત્યક્ષ અનુભવે છે. ચિત્તશોધન અને સદગુણ વર્ધનનો આ અભ્યાસ સાધકને કોઈ સાંપ્રદાયિક આલાંબનોમાં બાંધતો નથી. આ કારણસર વિપશ્યના સાધના સર્વગ્રાહ્ય છે, કોઈ ભેદભાવ વિના બધાજ માટે કલ્યાણકારીણી છે. બુદ્ધ ધર્મનુ મુખ્ય સૂત્ર યાદ આવી જાય, સંઘમ શરણમ ગચ્છામી,સંઘ એટલે કે સામૂહિક રીતે, જીવનમાં ભગવાન બુદ્ધની આ વાતો સમજી સ્વીકારીને જીવન જીવાય તો સમાજ દર્શનમાં ફેર પડે. વ્યક્તિએ વ્યક્તિએ આ ભાવના રાખી સુધારવું પડશે, અને દરેકે દરેકમાં સામાજિક ઉત્થાનનો ભાવ આવવો બહુ જ જરૂરી છે, બાકી તો આવી નાનીમોટી સમસ્યાઓમાં આપણા જીવન વ્યતિત થતાં ગયાં છે,અને આગળ પણ થશે. તો આજે આપણે આ બુદ્ધ જયંતિ એ એમના ચરિત્રમાંથી સંસારીઓ બહુ સહજ રીતે અનુસરી શકે, એવાં આ દસ સોનેરી સૂત્રોને જીવનમાં મહત્વ આપીને એ રીતે જીવન જીવવાનો સંકલ્પ કરી ખુદને તથા સમાજને શાંત કરી શકીએ. જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગંદા હૈ પર ધંધા હૈ યે....વધુ એક હોટેલ પોલીસની નજરે ચડીઃ શબાબ સાથે શરાબની પણ મોજ

# મુંબઈ, મેઘાલયની લલનાઓ રાખી ચલાવાતુ'તુ કૂટણખાનુ

## એ-ડિવીઝન પોલીસે ગોંડલ રોડની હોટેલમાં ત્રાટકી મેનેજર, સંચાલકને પકડ્યાઃ ઉત્તરાખંડ, ઓરંગાબાદની મળી ચાર લલનાને ગ્રાહક દીઠ એક હજાર ચુકવી બે હજાર પોતે ખાઇ જતાં



રાજકોટ,તા.૩૦

શહેરમાં આમ તો અનેક હોટેલોમાં અવળા ધંધા થતાં હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી હોય છે. પરંતુ પોલીસના સઘન ચેકીંગને પગલે મોટા ભાગના હોટેલ સંચાલકો સજાગ રહેતાં હોય છે. આ દરમિયાન વધુ એક વખત એક હોટેલમાં ચાલી રહેલા ગંદા ધંધાનો પર્દાફાશ થયો છે. ગોંડલ રોડ પરની હોટેલમાં એ-ડિવીઝન પોલીસે ત્રાટકી મેનેજર, સંચાલકને દેહવેપલો કરતાં ઝડપી લીધા હતા. અહિ મુંબઇ, મેઘાલય, ઔરંગાબાદ, ઉત્તરાંચલની લલનાઓ પાસે લોહીનો વેપલો કરાવાતો હતો. આ લલનાઓને ગ્રાહક દીઠ શહેરમાં વધુ એક વખત હોટેલમાં ચાલતાં કૂટણખાનાનો પર્દાફાશ થયો હતો. ગોંડલ રોડ પર વિજય પ્લાઝા કોમ્પલેક્ષના બીજા માળે શીવા હોટેલમાં સંચાલક અને મેનેજર દ્વારા બહારની છોકરીઓ રાખી કુટણખાનુ ચલાવતાં હોઇ કાર્યવાહી થઇ હતી.

પોલીસની તપાસમાં ખુલ્યા હતું કે ઔરંગાબાદ, મુંબઇ, મેઘાલય અને ઉત્તરાખંડની લલનાઓ પુરી પાડી ગ્રાહકો પાસેથી ૨૫૦૦ રૂપિયા લેવામાં આવતાં હતાં. જેમાંથી ૧ હજાર લલનાને આપી બાકીના ૧૫૦૦ સંચાલક, મેનેજર રાખી લેતાં હતાં. આ ઉપરાંત હોટેલમાંથી વિદેશી દારૂ પણ મળ્યો હતો. એ-ડિવીઝન પોલીસને બાતમી મળી હતી કે ગોંડલ રોડ પર આવેલી શીવા હોટેલમાં દેહ વ્યાપારની પ્રવૃતિ ચાલે છે. આથી પોલીસે ડમી ગ્રાહકને મોકલી દરોડો પાડ્યો હતો. પોલીસની ટીમ ડમી ગ્રાહક તરફથી મેસેજ મળતાં જ રૂમ નં. ૧૦૫માં પહોંચી હતી. જેમાં યુવક-યુવતિ કઢંગી હાલતમાં મળ્યા હતાં.

યુવતિની પુછતાછ કરતાં તેણીએ પોતે ઔરંગાબાદ મહારાષ્ટ્રની હોવાનું કહ્યું હતુ. તેમજ તેણીએ કબુલ્યું હતું કે હોટેલના માલિક નિશાંત રૂપારેલીયા અને મેનેજર નિલેષ આસવાણી ગ્રાહક દીઠ ૨૫૦૦ રૂપિયા વસુલે છે.

જેમાંથી ૧૦૦૦ અમને આપે છે અને બાકીના પોતે રાખે છે. એન્ટ્રી ફીના અલગથી રૂા. ૫૦૦ પણ વસુલવામાં આવે છે. બીજા રૂમમાં ચેક કરતાં તેમાંથી ત્રણ યુવતિઓ મળી આવી હતી. તેણીએ પોતે મુંબઇ, મેઘાલય અને ઉત્તરખંડની વતની હોવાનું અને અહિ હોટેલ સંચાલક, મેનેજર તેની પાસે દેહવેપલો કરાવી ગ્રાહક દિઠ ૧-૧ હજાર રૂપિયા આપી છે તેવી કબુલાત આપી હતી. પોલીસે હોટેલમાંથી મોબાઇ ફોન, નિરોધના પેકેટ, રોકડા રૂા. ૧૨,૭૫૦૦, બંધ લેપટોપ સહિત રૂા. ૧,૭૧,૨૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ અંગે હેડકોનસ. મહેશભાઇ ચાવડાની ફરિયાદ પરથી હોટેલના સંચાલક નિશાંત કિશોરભાઇ રૂપારેલીયા તથા મેનેજર નિલેષ ઇશ્વરલાલ આસવાણી વિરૂધ્ધ ઇમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડની તજવીજ કરી હતી.

આ બંનેમાં નિશાંત ૧૫૦ ફુટ રીંગ રોડ, અયોધ્યા ચોક પાસે અયોધ્યા રેસીડેન્સી-૪, ભાડાના મકાનમાં રહે છે. જ્યારે નિલેષ જેતપુર, લાદી રોડ, શાક માર્કેટ પાસે ભાડેથી રહે છે. આ બંનેની વિશેષ પુછતાછ કરવામાં આવી હતી. હોટેલમાં તપાસક રતાં દારૂની ૭૫૦ એમએલની એક ખુલેલી બોટલ પણ મળી હતી. જેમાં આશરે ૨૦૦મીલી જેટલો દારૂ હોઇ તેની કિમત રૂા. ૧૦૦ ગણી આ અંગે હોટેલ સંચાલક નિશાંત રૂપારેલીયા વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ અલગથી ગુનો દાખલ કરાયો હતો. આ કામગીરી એ-ડિવીઝન પીઆઇ જે. વી. વાઢીયા, પીએસઆઇ એસ. એમ. રાણા, પીએસઆઇ એસ. જે. સોલંકી એએસઆઇ ભરતસિંહ ગોહિલ, હેડકોન્સ. કનુભાઇ બસીયા, મહેશભાઇ ચાવડા, કરણભાઇ વિરસોડીયા, મહિલા પીએસઆઇ આર. એમ. બરાડીયા, કોન્સ. રૂતિકાબેન સહિતના સ્ટાફે કરી હતી.

નોંધનીય છે કે અગાઉ પણ શહેર પોલીસ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ દ્વારા અનેક વખત અલગ અલગ હોટેલોમાં દરોડા પાડી આ પ્રકારની ગેરપ્રવૃતિઓ ઉઘાડી પાડી કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસની આવી કામગીરીને પગલે થોડો સમય આવા ગંદાધંધા બંધ થઇ જાય છે પરંતુ સમય જતાં ફરી અમુક હોટેલ સંચાલકો લલનાઓને બહારથી બોલાવી હોટેલોમાં જ લોહીના વેપલા કરાવતાં થઇ જાય છે. આ કાર્યવાહી તેનો પુરાવો આપી રહી છે.

---

ક્રાઇમ બ્રાન્ચે રાજસ્થાની શખ્સોને પકડી બી ડિવિઝનની ચોરીનો ભેદ ખોલ્યો

# કામના પહેલા દિવસે જ ૧૪ લાખની ચાંદી ચોરી ભાગેલા મામો-ભાણેજ પકડાયા



રાજકોટ,તા.૩૦

મોરબી રોડ પર આવેલી તિરૂપતીનગર સોસાયટીમાં રહેતા અને ચાંદીના દાગીના બનાવવાનું કામ કરતા કારીગર ભાવેશભાઈના બંધ મકાનમાંથી આશરે ૧૪ લાખની કિંમતની ૧૪ કિલો ચાંદીની ચોરીની ઘટનામાં રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે મોટી સફળતા મેળવી છે. વેપારી બ્રિજેશભાઈ ગજેરાની આ ચાંદી ભાવેશભાઈને ત્યાં કામ માટે રાખવામાં આવી હતી, જેની પર ત્યાં જ કામ કરતા રાજસ્થાનના વતની એવા મામા-ભાણેજની જોડી ભેરૂસિંહ ચૌહાણ અને શંકરસિંહ દુલાવતે હાથ સાફ કર્યો હતો. વિશ્વાસઘાત કરી ચોરી કરનાર આ બંને શખ્સોને પોલીસે લાખોના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે.

શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને વણઉકેલાયેલા ચોરીના કેસો શોધી કાઢવા માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશનર (ક્રાઇમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઇમ) ભરત બી. બસીયા દ્વારા આપવામાં આવેલી ખાસ સૂચનાઓને આધારે ક્રાઇમ બ્રાન્ચને સફળતા મળી છે. રાજકોટ શહેર બી-ડિવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી આશરે ૯.૧૯૦ કિલોગ્રામ ચાંદીની ચોરીના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને પોલીસે મુદ્દામાલ સાથે દબોચી લીધા છે.

ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને સી.એચ. જાદવના સીધા માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.વી.ચુડાસમા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તપાસ દરમિયાન એ.એસ.આઇ. યશવંતભાઇ ડી. ભગત, હેડ કોન્સ. કરણભાઇ કોઠીવાળ, કોન્સ. સંજયભાઇ અલગોતર અને અરવિંદભાઇ ફતેપરાને મળેલી ચોક્કસ હકીકતને આધારે શંકાસ્પદ ચાંદીના દાગીના અને રોકડ સાથે બે શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓમાં ભેરૂસિંહ ભવરસિંહ ચૌહાણ (રહે. તિરૂપતીનગર શેરી નં. ૪, મોરબી રોડ, રાજકોટ, મૂળ રહે. મૈસા કા ગુડા, રાજસ્થાન) અને શંકરસિંહ દેવીસિંહ દુલાવત (રહે. તિરૂપતીનગર શેરી નં. ૪, મોરબી રોડ, રાજકોટ, મૂળ રહે. ખેતપાલ કા ગુડા, રાજસ્થાન)નો સમાવેશ થાય છે. આ બંને શખ્સો મજૂરી કામના ઓઠા હેઠળ ગુનાને અંજામ આપતા હતા. તેમની પાસેથી ચાંદીનો જાડો અને પાતળો તાર, ચાંદીના ચેઇન, ફૂલવાળા પીસ, ઓવલ પીસ, નાના-મોટા બોલ મળી કુલ ૪૮૫૮.૯૩૦ ગ્રામ ચાંદી, ૧ લાખ રોકડા અને મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૬,૧૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ સાથે બી-ડિવીઝન પોલીસ મથકમાં નોંધાયેલ બી.એન.એસ. કલમ-૩૦૬, ૫૪ મુજબનો ગુનો ડિટેક્ટ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર કામગીરીમાં ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવ, પીએસઆઇ એસ.વી.ચુડાસમા, એએસઆઈ યશવંતભાઇ ભગત, હેડ કોન્સ. કિશનભાઇ પાંભર, કરણભાઇ કોઠીવાળ, તેમજ પોલીસ કોન્સ્ટેબલ સંજયભાઇ અલગોતર, અરવિંદકુમાર ફતેપરા, મહાવીરસિંહ જાડેજા અને પોપટભાઇ ગમારા સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

---

# ચોટીલાના ખેરાણા ગામે દારૂ દરોડો, ૩૬૦૦ બોટલ જપ્ત

## આરોપી નાશી છૂટ્યો : દારૂ મંગાવનાર, મોકલનાર સહિતના શખ્સો સામે ચોટીલા પોલીસમાં ગુનો





રાજકોટ, તા.૩૦

ચોટીલાના ખેરાણા ગામે વાડીમાંથી ઇંગ્લીશ દારૂની નાની બોટલો નંગ - ૩૬૦૦ નો મુદ્દામાલ પકડી પાડતી રાજકોટ રેન્જ ટીમ

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય (ઈંડ્જ) રાજકોટ વિભાગ રાજકોટનાઓ દ્વારા રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદેસર પ્રોહિબીશન અને જુગારની પ્રવૃતિ કરનારા ઇસમોને શોધી કાઢી તેઓ વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી. જે અન્વયે રાજકોટ રેન્જના પીઆઈ અપૂર્વ પટેલના માર્ગદર્શન મુજબ રાજકોટ રેન્જના પીએસઆઈ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા તેમજ સ્ટાફ દ્વારા આવા ઇસમોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ, હ્યુમનસોર્સ અને ટેકનીકલ એનાલીસીસ કરતા હતા.

દરમ્યાન મળેલી હિકકત આધારે પીએસઆઈ બી.સી. મીયાત્રા, સ્ટાફના ધર્મેન્દ્રસિહ વાઘેલા, કુલદીપસિહ ચુડાસમા, અતુલભાઇ ડાભી, ફતેસિહ પરમાર, ડ્રા.દિનેશભાઇ ગઢવીએ આરોપી નાગરાજ સાંતુભાઇ ધાધલ (રહે. ખેરાણા તા. ચોટીલાવાળા)ની કબ્જા ભોગવટાની વાડી-ખેતરની બાજુમાં બનાવેલા મકાનમાંથી વિદેશી દારૂની, ૩.૬૦ લાખની નાની ૩૬૦૦ બોટલ તેમજ ૪૦ હજારનું, જી.જે.૦૩ એન.એ. ૦૮૫૨ નંબરનું એક્ટીવા સ્કુટર મળી ૪,૦૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અને આરોપી સ્થળ પરથી નાશી જતા ચોટીલા પો.સ્ટે. ખાતે ગુનો નોંધાવાયો છે તેમજ દારૂનો જથ્થો ભરી આપનાર, ઉતારનાર સહિતના તમામ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી શરુ કરાઈ છે,

પીઆઈ અપૂર્વ પટેલ, પીઆઈ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા એ.એસ.આઈ. યોગરાજસિહ ચુડાસમા, ધર્મેન્દ્રસિહ વાઘેલા, કુલદિપસિહ ચુડાસમા, અતુલભાઇ ડાભી કોન્સ્ટેબલ ફતેસિહ પરમાર, ડ્રા.પો.કોન્સ. દિનેશભાઈ ગઢવી દ્વારા દરોડાની કાર્યવાહી કરવામા આવી છે.

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં જ બન્યો બનાવ

# સીટી બસની ઠોકરે વિદ્યાર્થીનીને પગમાં ફ્રેકચર

## પ્લાસ્ટીક સર્જરી કરાવવી પડીઃ એક મહિના પહેલાની ઘટનામાં સ્વસ્થ થયા બાદ છાત્રાએ દાખલ કરાવી એફઆઈઆર



રાજકોટઃ,તા.૩૦

સીટી બસોને કારણે અકસ્માતની ઘટનાઓ વારંવાર બને છે. ઘણીવાર ફરિયાદ પણ થતી હોતી નથી, અથવા મોડી ફરિયાદ થતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં સીટી બસેના ચાલકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં રોંગ સાઇડમાં બસ હંકારી ટુવ્હીલરને ઉલાળી દીધુ હતું. જેના પર બેઠેલી બે છાત્રા પૈકી એકના પગ પર બસનું વ્હીલ ફરી વળતાં પગના પંજામાં ફ્રેકચર સાથે ગ઼ભીર ઇજા પહોંચી હતી.

વિગતો જોઇએ તો એરપોર્ટ ફાટક પાસે શ્રી સદ્દગુરૂ પાર્ક, આશીર્વાદ પાર્ક બ્લોક નં. ૨૦માં રહેતી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનમાં એમ.એ. સેમેસ્ટર-૨માં અભ્યાસ કરતી ઈશીતા કમલેશભાઈ ગઢેચા નામની એકવીસ વર્ષની યુવતિની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે સીટી બસ નં. જીજે૦૩બીઝેડ-૪૦૭૬ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવાયા મુજબ ઈશિતા ગત છઠ્ઠી એપ્રિલના રોજ પોતાની બહેનપણી પ્રિયંકા સાથે કોલેજ છૂટ્યા બાદ ઈલેક્ટ્રિક બાઈક પર ઘરે જઈ રહી હતી.

સાંજે પાંચ વાગ્યા આસપાસ યુનિવર્સિટી કેમ્પસમાં આંકડાશાસ્ત્ર ભવન પાસે પહોંચતા સામેથી રોંગ સાઈડમાં આવતી સિટી બસે તેમને અડફેટે લીધા હતા. ફરિયાદમાં જણાવાયા મુજબ વિદ્યાર્થીનીઓ બસ જોઈને ઉભી રહી ગઈ હોવા છતાં બસ ચાલકે ઈશીતાના જમણા પગ પર બસનું ટાયર ચડાવી દીધું હતું. આ અકસ્માતમાં ઈશીતાને પંજામાં ફ્રેક્ચર થયું હતું અને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ મારફતે રૈયા રોડ પરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન ડોક્ટરોએ જણાવ્યું હતું કે ઈજા ગંભીર હોવાથી પ્લાસ્ટિક સર્જરી કરવી પડશે.

ઈશીતાના સાથળની ચામડી લઈ પગના પંજા પર પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવી હતી. દસ દિવસ હોસ્પિટલમાં રહ્યા બાદ તેને રજા અપાઈ હતી, પરંતુ એક મહિનાના બેડ રેસ્ટની સલાહ આપવામાં આવી હતી. તેણીની પરીક્ષાઓ ચાલુ હોવાથી અને તબિયત નાદુરસ્ત હોવાને કારણે તુરંત ફરિયાદ થઈ શકી નહોતી. હવે તબિયતમાં સુધારો થતા ઈશીતાએ તેના પિતા કમલેશભાઈ સાથે પોલીસ મથકે પહોંચી બેદરકાર બસ ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે. ગાંધીગ્રામ-૨ પોલીસના પીએસઆઈ એચ. એમ. ચાવડાએ પોલીસ ઈન્સપેક્ટર સી. એન. દવેના માર્ગદર્શનમાં વધુ તપાસ થઇ રહી છે.

---

# દિલની દગાખોરી ત્રણ જીવ લઇ ગઇ

## સુભાષનગરના આધેડ, નવાગામ અને આજી વસાહતના પ્રૌઢના મૃત્યુ

રાજકોટઃ દિલની દગાખોરી વધુ ત્રણ લોકોની જિંદગી ખતમ કરી ગઇ છે. રૈયા રોડ પર સુભાષનગરમાં રહેતાં ચુમાલીસ વર્ષના અકબરભાઇ બોદુભાઇ વસા ઘરે ચક્કર આવ્યા બાદ બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. અકબરભાઇ સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતાં હતાં. તેમને સંતાનમાં એક દિકરો છે. હાર્ટએટેક આવી ગયાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજા બનાવમાં નવાગામ નકલંક ધામ બી-૧૦માં રહેતાં બાવન વર્ષના બાબુભાઇ શામજીભાઇ સોલંકી ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતક ત્રણ બહેન અને બે ભાઇમાં બીજા હતાં. સંતાનમાં એક બે દિકરા અને બે દિકરી છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં આજી વસાહત ખોડીયારગનરમાં રહેતાં ત્રેપન વર્ષના રમેશભાઇ પાંચાભાઇ ચૌહાણ ઘરે ચક્કર આવતાં પડી જતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. તેઓ છુટક મજૂરી કરતાં હતાં. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. આ અંગે થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. જ્યારે ચોથા બનાવમાં આજી વસાહત આંબેડકરનગર-૪માં રહેતો રોહિતભાઇ હરેશભાઇ ચૌહાણ નામનો અઠ્ઠાવીસ વર્ષનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેને ટીબીની બિમારી હતી. તે પરિવારનો એકનો એક પુત્ર હતો. થોરાળા પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી હતી.

### રોડ પર રખડતાં બાખડતા ખુંટીયા-આખલા વારંવાર બને છે જોખમી

# ખુંટીયાએ ઉલાળતાં ૧૮ વર્ષના યુવાનનું મોત

## બીજી ઘટનામાં ભુલથી દવાવાળુ પાણી પીવાથી અઢાર વર્ષના યુવાનનું મોતઃ પાંત્રીસ વર્ષના યુવાને કલેશથી કંટાળી મોત મેળવ્યુંઃ જેલમાં હત્યાના ગુનાના કેદીનું મોતઃ પાંચમી ઘટનામાં પરિણીતાનું બેભાન થઈ ગયા બાદ મૃત્યુ

રાજકોટ,તા.૩૦

અપમૃત્યુના ચાર અલગ અલગ બનાવોમાં એક યુવાનનું મોત ખુટીયાએ મોટરસાઇકલને ઉલાળી દેતાં તેના કારણે ગંભીર ઇજાથી થયું છે. બીજા બનાવમાં યુવાન વાડીએ ભુલથી દવા વાળુ પાણી પી જતાં જીવ ગયો હતો. ત્રીજા બનાવમાં એક યુવાનને ઘરમાં કલેશ કજીયા થતાં હોઇ કંટાળીને આપઘાત કર્યો હતો. ચોથા બનાવમાં રાજકોટ જેલમાં હત્યાના ગુનાના કેદીનું તબીયત બગડતાં મોત થયું હતું. પાંચમી ઘટનામાં એક પરિણીતાનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રખડતા ઢોર-આખલા-ખુંટીયા વધુ એક વખત જીવલેણ બન્યા છે. પડધરીના થોરીયાળી ગામે ખુંટીયાએ મોટરસાઇકલને ઉલાળી દેતાં અઢાર વર્ષના યુવાનનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ છે. થોરીયાળી ગામે રહેતો ઉમેશ મગનભાઇ ડાભી નામનો અઢાર વર્ષનો યુવાન ગયા શનીવારે વાડીએથી ઘરે જતો હતો ત્યારે ગામના પાદરમાં બાખડી રહેલા ખૂંટીયાએ ઢીંકે ચડાવી દેતાં ગંભીર ઇજા થઇ હતી. પડધરી સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો.

તેનું મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ઉમેશ બે ભાઇ અને બે બહેનમાં મોટો તથા અપિરિણત હતો. તે પરિવારને ખેત મજૂરીમાં મદદરૂપ થતો હતો. સગાના કહેવા મુજબ ઉમેશ શનીવારે બપોરે વાડીએથી ઘરે આવવા નીકળ્યો ત્યારે બાખડી રહેલા ખુંટીયાએ ઢીંકે ચડાવી દેતાં વાહન સહિત ફેંકાઇ જતાં ઇજાઓ થઇ હતી.

બીજા બનાવ પર નજર કરીએ તો વાંકાનેરના વનેગઢ ગામે રહેતો દેવરાજ વજુભાઇ રાઠોડ નામનો અઢાર વર્ષનો યુવાન ચારેક દિવસ પહેલા વાડીએ હતો ત્યારે ભુલથી ઝેરી દવાવાળુ પાણી પી જતાં વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ગત રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર દેવરાજ બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તે ખેત મજૂરી કરી પરિવારને મદદરૂપ થતો હતો. સગાના કહેવા મુજબ વાડીએ ખડમાં દવા છાંટતી વખતે તે ભુલથી દવાવાળુ પાણી પી ગયો હતો.





ત્રીજી ઘટનામાં સરધારમાં પ્લોટ વિસ્તારમાં રહેતાં પાંત્રીસ વર્ષના પ્રવિણભાઇ મનસુખભાઇ ચૌહાણ નામના યુવાને સાંજે ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત છવાયો હતો. પ્રવિણભાઇ સાંજે ઘરે ઉલ્ટીઓ કરવા માંડતાં પરિવારજનોએ પુછતાછ કરતાં ઝેર પી લીધાનું જણાવતાં તુરત જ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મોડી રાતે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. સગાના કહેવા મુજબ પ્રવિણભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે છુટક મજૂરી કરતાં હતાં. દારૂ પીવાની ટેવ હોઇ તેના કારણે ઘરમાં તેને કલેશ ચાલતો હતો. આનાથી કંટાળીને ઝેરી દવા પી લીધી હતી. ચોથા બનાવમાં ગારીયાધારના માંગુકા ગામના વતની ઓગણએંસી વર્ષના જીવરાજભાઇ જાદવભાઇ રાઠોડ રાજકોટ જેલમાં આજીવન કેદની સજા ભોગવતા હોઇ ૨૮મીએ તબીયત બગડતાં સારવાર માટે જેલમાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જીવાભાઇ બે ભાઇ અને બે બહેનમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. પત્નિ તેજુબેનની હત્યાના ગુનામાં સજા પડી હોઇ તે પાકા કામના કેદી હતાં. બિમારીથી મૃત્યુ થયાનું જણાવાયું હતું. પ્ર.નગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

પાંચમી ઘટના જોઇએ તો મોરબી રોડ પર જય જવાન જય કિસાન સોસાયટીમાં રહેતી ઓગણત્રીસ વર્ષની બેનાબેન હરેશભાઇ વાઘરોડીયા નામની પરિણીતાનું રાતે બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા બાદ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. બેનાબેનના લગ્ન નવ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પતિ હરેશભાઇ છુટક મજૂરી કરે છે. તેણીને પેરેલિસિસ એટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. આમ પાંચ અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ સ્વજન ગુમાવતાં શોક છવાઇ ગયો હતો.

### કેટકેટલાય છેતરાઇ ગયા છે, કેટલાયના સપના ભાંગી ગયા છે...છતાં આ અટકતું નથી

# ઓસ્ટ્રેલિયાના નકલી વિઝા ધાબડી અઠ્ઠાવીસ લાખનો ચૂનો

## લેભાગુ એજન્ટો નાણા ચુકવનારાના અસલી પાસપોર્ટ પણ લઇને ભાગી જતાં દાઝ્યા પર ડામ જેવું થયું

રાજકોટ,તા.૩૦

વિદેશ જવા ઇચ્છુક હોય તેવા અનેક યુવાનો, પરિવારો અત્યાર સુધીમાં લેભાગુ કહેવાતા એજન્ટોના હાથે છેતરાઇ ગયા છે. લાખો કરોડોની ઠગાઇ અત્યાર સુધીમાં થઇ ગઇ છે. જેમાં વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં નકલી વિઝા લેટર આપી અઠ્ઠાવીસ લાખ રોકડા ઉસેડી એજન્ટ ભાગી ગયો છે. આ કહેવાતા એજન્ટો અસલ પાસપોર્ટ પણ સાથે લઇ જતાં નાણા ગુમાવનારાઓને દાઝ્યા પર ડામ જેવુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં વિઝા એજન્સીના નામે મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. વિદેશ જવા ઈચ્છતા લોકોને ઓસ્ટ્રેલિયાના નકલી વિઝા લેટર પધરાવીને રૂ. ૨૮ લાખ અને અસલ પાસપોર્ટ પડાવી લેવામાં આવ્યા છે. આ મામલે ઇન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર ગાંધીનગરના સરઢવ ખાતે રહેતા અને ડિલિવરી બોય તરીકે કામ કરતા વિશાલ મહેન્દ્રભાઇ સથવારાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વિશાલે પરિવાર સાથે ઓસ્ટ્રેલિયા જવા માટે કુડાસણ સ્થિત સિદ્ધરાજ ઝેડ સ્ક્વેરમાં આવેલી એસ.એમ. વિઝા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. ત્યાં તેની મુલાકાત એજન્ટ ધ્રુવ સંજયભાઇ પ્રજાપતિ સાથે થઈ હતી. ધ્રુવ મહેસાણા વિસનગરનો વતની છે.




આ એજન્ટે ઓસ્ટ્રેલિયાના વિઝીટર વિઝા અપાવવાના બહાને વિશાલ પાસેથી તેમના પરિવારના કુલ છ અસલ પાસપોર્ટ મેળવી લીધા હતા. થોડા સમય બાદ વિશ્વાસ કેળવવા માટે એજન્ટે વોટ્સએપ પર વિઝા કોપી પણ મોકલી હતી. જેની ખરાઈ કરાવતા વિઝા ખોટા હોવાનું સામે આવ્યું હતું. અને એજન્ટે વિઝા નહીં અપાવી અસલ પાસપોર્ટ પણ પડાવી લીધા હતા. ત્યારે પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ધ્રુવ -જાપતિએ અન્ય યુવાનોને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા. જેમાં કેવીન ધર્મેન્દ્રભાઇ પટેલ પાસેથી ઓસ્ટ્રેલિયાના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે રૂપિયા ૧૮,૦૦,૦૦૦ અને શુભમ પ્રવિણભાઇ પ્રજાપતિ પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦ મળી કુલ ૨૮ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ બંને યુવાનોને પણ કોઈ વિઝા અપાવવામાં આવ્યા નહોતા કે તેમના નાણાં પરત આપવામાં આવ્યા નહોતા. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી.

આવી ઠગાઇ રોજેરોજ થતી રહે છે. રાજ્યભરમાં આ રીતે છેતરપીંડી થઇ ચુકી છે અને હજુ પણ થઇ રહી છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી. આનો પુરેપુરો ફાયદો લેભાગુ એજન્ટોને મળી જાય છે અને તેઓ વર્ક પરમીટ વિઝા કે પછી ટૂર પેકેજના વિઝાના નામે ઠગાઇ કરતાં જ રહે છે. આ વધુ એક અઠ્ઠાવીસ લાખની ઠગાઇ થઇ ગઇ છે.

### અમુક નગરજનને પોતાના જ માટે લાભકારી એવા કાયદાની પણ પડી નથી

# પરપ્રાંતીયોને કામે રાખી, મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરીઃ ૭ સામે ફોજદારી

## આવા કાયદાને નહિ ગણકારનારાઓને એસઓજી, આજીડેમ પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટ,તા.૩૦

શહેરમાં પોલીસ લોકોને જ ઉપયોગી નીવડે એવા કેટલાક કાયદાનું પાલન કરવા સૌને સતત આગ્રહ કરે છે, સુચના આપે છે. આમ છતાં જે લોકો સુચનાનું પાલન કરતાં નથી તેની સામે પછી કાયદાનો દંડો ઉગામે છે. બહારના રાજ્યના-પ્રાંતના શખ્સોને કામે રાખવા, નોકરીમાં રાખવા કે પછી આવા શખ્સોને મકાન-રૂમ-ઓરડી ભાડે આપવા હોય તો તેની જાણ ફરજીયાત જે તે પોલીસ સ્ટેશનમાં કરવાની રહે છે. કારણ કે ઘણીવાર અમુક તત્વો નામ બદલી ખોટા નામે જે તે સ્થળે કામ કરી, રોકાઇને ગુનાખોરીને અંજામ આપી ભાગી જતાં હોય છે. જો પોલીસ પાસે આવા શખ્સોની પુરતી ઓળખ સહિતની માહિતી હોય તો તેને પકડવા સરળ રહે છે. પરંતુ આમ છતાં રાજકોટમાં અનેક લોકો આ નિયમનો ઉલાળીયો કરે છે અને કાયદા સાથે અમારે કંઇ લેવા દેવા નહિ એવુ વર્તન કરે છે. આવા સાત જણા સામે પોલીસે ગુના દાખલ કર્યા છે

વિગતો પર નજર કરીએ તો હોટેલ, રેસ્ટોરન્ટ કે ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતિય કર્મચારીઓને કામે રાખવામાં આવે તો નિયમ અનુસાર તેની જાણ પોલીસ સ્ટેશનમાં કરવાની હોય છે. આમ છતાં અનેક લોકો આ નિયમની અવગણના કરતાં હોય છે. સમયાંતરે શહેર પોલીસ, એસઓજી દ્વારા ચેકીંગ કરી આ મામલે કાર્યવાહી કરવામાં આવે છે. વધુ એક વખત ચેકીંગ ઝુંબેશ થતાં આવા સાત જણા ઝપટે ચડ્યા હતાં. જેણે બહારના પ્રાંતના શખ્સોને કામે રાખી, મકાન ભાડે આપી પોલીસને જાણ કરી નહોતી. આ સાતેય વિરૂધ્ધ એફઆઇઆર દાખલ થઇ છે.

માહિતી અનુસાર એસઓજીની ટીમે વિશ્વકર્મા સોસાયટી શેરી નંબર ત્રણ ઇન્ફીનિટી સોટવેર કંપની પાસે મકાન પરપ્રાંતીયને ભાડે આપી પોલીસને જાણ ન કરનાર પ્રવીણભાઈ જેસંગભાઈ કવાટ તથા હરેશ પ્રવીણભાઈ ગોહેલ વિરૂધ્ધ જાહેરનામાભંગ અંગેનો ગુનો નોંધ્યો છે. તેમજ એસઓજીની ટીમે સદર બજાર વિસ્તારમાં બાલાજી એપાર્ટમેન્ટમાં ગાઝી નોનવેજ કેટરર્સ નામના રેસ્ટોરન્ટમાં પરપ્રાંતીને કામે રાખી પોલીસને જાણ ન કરનાર રેસ્ટોરન્ટ સંચાલક સમીર હુમાયુભાઈ સંઘાર તથા પારસી અગિયારી ચોક પાસે શાહી નોનવેજ રેસ્ટોરન્ટમાં પરપ્રાંતીયને કામે રાખી પોલીસને જાણ ન કરનાર રેસ્ટોરન્ટ સંચાલક ઇલિયાસ અબ્દુલભાઈ રહેમાન વિરૂધ્ધ જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત આજીડેમ પોલીસ મથકના સ્ટાફે કોઠારીયા સોલ્વન્ટ પાસે સીતારામ સોસાયટી શેરી નંબર-૬માં પરપ્રાંતીય શખ્સને ઓરડી ભાડે આપી પોલીસને જાણ ન કરનાર જયેશ હરશુખભાઈ સરવૈયા અને મહેશ નાગજીભાઈ સરધારા વિરૂધ્ધ જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધ્યો છે.

તેમજ કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં જ મંગલેશ્વર મહાદેવ મંદિર પાસે ખોડીયાર ચાઈનીઝ નામની રેસ્ટોરન્ટમાં પરપ્રાંતીયને કામે રાખી પોલીસને જાણ ન કરનાર રેસ્ટોરન્ટ સંચાલક મયુર વલ્લભભાઈ વોરા સામે પણ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. સમયાંતરે આ કામગીરી પોલીસ કરે છે જે લોકોના જ સારા માટે છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી, છેલ્લે તેને સામે પોલીસ કાર્યવાહી થતી હોય છે.

### મિત્રના સેવ નંબરમાંથી આવેલી આરટીઓ ઇ-ચલાણની ફાઇલથી ફ્રોડ થઇ ગયું

# APK ફાઈલ ઓટો ડાઉનલોડ થઈ ને ૪ાા લાખ ગાયબ!

## દોઢસો રીંગ રોડ પર રહેતાં વેપારીએ ફોનમાં મીડીયા ઓટો ડાઉનલોડ મોડ ઓન રાખ્યો હોઇ ગઠીયાઓએ મોકેલેલી ફાઇલ તેણે ખોલી નહિ છતાં ઇન્સ્ટોલ થઇ ગઇ અને નાણા ઉપડી ગયાઃ સાયબર ક્રાઇમ પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ,તા.૩૦

ઓનલાઇન ગઠીયાગીરીની ઘટનાઓમાં કોણ ક્યારે શિકાર થઇ જાય તે કહેવુ મુશ્કેલ છે. લોકો ગમે એટલા સતર્ક રહે તો પણ ગઠીયાઓ પોતાનું કામ ઉતારી લેતાં હોય છે. રાજકોટ શહેરમાં વધુ એક ઓનલાઇન ફ્રોડ થયું છે.

જેમાં એક યુવાનને તેના જ મિત્રના નામે વ્હોટ્સએપમાં આવેલી એપીકે ફાઇલને કારણે સાડા ચાર લાખનો ચૂનો લાગી ગયો હતો. મીડીયા ઓટો ડાઉનલોડનું ઓપ્શન મોબાઇલમાં સિલેક્ટ હોઇ ઇ-ચલણની ફાઇલ આવતા ભેગી જ ઓટોમેટીક ડાઉનલોડ થઇ ગઇ હતી અને ગઠીયાઓનું કામ આસાન થઇ ગયું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના એકસો પચાસ ફટ રીંગ રોડ વિસ્તારમાં રહેતા અને મેડિકલ સર્જિકલ સાધનોનો વ્યવસાય કરતા એક યુવાન સાથે સાયબર ઠગોએ મિત્રના વોટ્સએપ એકાઉન્ટનો ઉપયોગ કરી રૂ. ૪.૫૬ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. એપીકે ઈ-ચલણના નામે મોકલેલી એક જોખમી એપીકે ફાઈલ ડાઉનલોડ થતા જ વેપારીના બેંક ખાતામાંથી મંજૂરી વગર નાણાં ઉપડી ગયા હતા. સાયબર ક્રાઇમ પોલીસે ગોવર્ધન ચોક ૧૫૦ રીંગ રોડ ઇગલ રેસીડેન્સી પાસે સ્કાય હાઇટ્સ સી-૯૦૧માં રહેતાં અને મેડીકલ સર્જીકલને લગતી વસ્તુનો વેપાર કરતાં તીર્થભાઇ ગીરીશભાઈ દેસાઇની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે.

અઠ્ઠાવીસ વર્ષિય આ વેપારી યુવાનની ફરિયાદ મુજબ ગત તારીખ બીજીના રોજ તીર્થ દેસાઇના મોબાઈલ પર મ્યુચ્યુઅલ ફંડનો હપ્તોકપાયાનો મેસેજ આવ્યો હતો. બેંકમાં તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે તેના કેનેરા બેંકના ખાતામાંથી તેમની જાણ બહાર અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા મોટી રકમ ઉપડી ગઈ છે. જેથી તેણે બેંકમાં અને સાયબર ક્રાઇમ પોલીસમાં જાણ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે તીર્થભાઇના મિત્ર ભરતભાઈના વોટ્સએપ નંબર પરથી આરટીઓ-ઇ ચલણ નામની એક ફાઈલ આવી હતી.




તેમના ફોનમાં મીડિયા ઓટો ડાઉનલોડ મોડ ચાલુ હોવાથી આ એપ્લિકેશન આપમેળે ઇન્સ્ટોલ થઈ ગઈ હતી.

આ એપ્લિકેશન દ્વારા સાયબર માફિયાઓએ ફરિયાદીના ફોનનો બિનઅધિકૃત એકસેસ મેળવી લીધો હતો. અ પછી ગઠીયાઓએ તીર્થભાઈના કેનેરા બેંક એકાઉન્ટમાંથી ઓનલાઈન માધ્યમથી બે મોટા ટ્રાન્ઝેક્શન કર્યા હતાં. જેમાં એક ટ્રાન્જેકશન રૂા. ૩,૨૬,૧૪૧નું અને બીજુ ૧,૨૯,૯૮૫નું હતું. આ રીતે કુલ ૪,૫૬,૧૨૬ રૂપિયા ગઠીયાઓએ ઉપાડી લીધા હતાં. આ અંગે અગાઉ એનસીઆરપી પોર્ટલ પર અરજી કર્યા બાદ હવે વિગતવાર ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે અજાણ્યા ઠગો અને ક્રેડિટ કાર્ડ ધારકો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે વોટ્સએપ પર આવતી અજાણી લિંક કે એપીકે ફાઈલ કેટલી જોખમી સાબિત થઈ શકે છે. વોટ્સએપ કે એસએમએસ પર આવતી કોઈ પણ એપીકે એક્સ્ટેન્શન વાળી ફાઈલ ક્યારેય ડાઉનલોડ કરવી નહીં. મિત્ર કે પરિચિત વ્યક્તિના નામથી પણ આવી શંકાસ્પદ ફાઈલ આવે તો તેને ખોલતા પહેલા ખાતરી કરી લેવી. આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પીએસઆઇ કે. બી. વારીયાએ એફઆઇઆર દાખલ કરી ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ વિશેષ તપાસ શરૂ કરી હતી. અહિ ફોનમાં ઓલ મિડીયા ઓટો ડાઉનલોડનું ઓપ્શન ઓન રાખવાનું વેપારીને સાડા ચાર લાખમાં પડ્યું હતું. તેમ કહી શકાય.

હેલ્લો સર હું બેંકમાંથી બોલુ છું, તમારા કાર્ડમાં રિવોર્ડ જમા થયા છે કહી લિંક મોકલી

# ડોક્ટરને સાયબર ગઠીયાઓનું ઠગાઈનું ઈન્જેક્શન

## લિંક ઓપન કરતાં પંદર હજારની રકમ દેખાઈ: પણ બાદમાં તરત જ ફોન હેક થયો: ધડાધડ ઓટીપી આવ્યા અને ત્રણ લાખ ઉપડી ગયા

રાજકોટ,તા.૩૦

સાયબર ફ્રોડની એક પછી એક ઘટના દરરોજ બનતી રહે છે. રોજબરોજ આવા બનાવો સામાન્ય થઇ ગયા છે. એક દિવસ પણ કોઇ આ રીતે છેતરાઇ નહિ તો જ હવે નવુ લાગે છે. ગઠીયાઓ એકને એક નુસ્ખા તરકીબોનો ઉપયોગ કરી ફ્રોડ આચરે છે છતાં લોકો જાગૃત થતાં નથી અને છેતરાઇ જાય છે. હવે ગઠીયાઓ એક ડોક્ટરને છેતરીને ત્રણ લાખ આસપાસની રકમ ઉસેડી ગયા છે. તેમને એક્સિસ બેંકના નામે લિંક મોકલી બેંક કર્મચારીનો ઓળખ આપી ફોન હેક કરી તેમના ક્રેડીટ કાર્ડમાંથી રકમ ઉસેડી લેવાઇ હતી. આ મામલે સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો આ વખતે નડીયાદના એક તબિબ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. એક્સિસ બેંકના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપીને ઠગબાજે ડોક્ટરના મોબાઈલ પર એક લિંક મોકલી હતી.

આ લિંક દ્વારા તેમનો ફોન હેક કરીને ક્રેડિટ કાર્ડમાંથી કુલ ?૨,૯૨,૯૦૭.૬૩ ઉપાડી લેવામાં આવ્યા હતા. આ મામલે નડિયાદ ટાઉન પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ સુત્રોએ કહ્યું કે નડિયાદના કોલેજ રોડ પર ઉર્મી લેટમાં રહેતા ડો. પ્રેરકકુમાર મહેન્દ્રકુમાર શાહ છાટીયાવડ લીમડી વિસ્તારમાં હોસ્પિટલ ચલાવે છે.

તેઓ હોસ્પિટલ પર હતા ત્યારે તેમને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાને એક્સિસ બેંકનો કર્મચારી




ગણાવી ડોક્ટરનો વિશ્વાસ જીત્યો હતો. તેણે ડોક્ટરને જણાવ્યું કે તેમના ક્રેડિટ કાર્ડમાં ૧૫,૦૦૦ના રિવોર્ડ પોઈન્ટ જમા થયા છે. ઠગબાજે ડોક્ટરને લાલચ આપી કે આ રિવોર્ડ પોઈન્ટમાંથી ?૭,૫૦૦ રોકડા તેમના ખાતામાં જમા થઈ શકે છે. ડોક્ટરે આ ઓફર સ્વીકારતા, ઠગે તેમના વોટ્સએપ નંબર પર એક લિંક મોકલી અને તેને ખોલવા માટે દબાણ કર્યું. ડોક્ટરે લિંક ખોલતા જ એક્સિસ બેંકની રિવોર્ડ સાઈટ જેવું જ એક પેજ ખુલ્યું હતું.

જેમાં રૂપીયા ૧૫,૦૦૦ રિવોર્ડ પોઈન્ટ દર્શાવવામાં આવ્યા હતા. આ રકમ મેળવવા માટેની પ્રક્રિયાના ભાગરૂપે, ડોક્ટર પાસે તેમના ક્રેડિટ કાર્ડની વિગતો માંગવામાં આવી. છેતરપિંડી કરનારના કહેવા મુજબ, ડોક્ટરે તેમના કાર્ડનો નંબર, એક્સપાયરી ડેટ અને દ્દસ્સ નંબર જેવી સંવેદનશીલ માહિતી તે લિંક પર ભરી દીધી. જોકે, તે સમયે કોઈ આગળની કાર્યવાહી થઈ શકી નહોતી, જેથી ફોન કરનારે બીજા દિવસે ફરી સંપર્ક કરવાનું કહી ફોન કાપી નાખ્યો. બીજા દિવસે એ જ નંબર પરથી ડોક્ટરને ફરી ફોન આવ્યો અને બાકી રહેલી પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવાયું. ડોક્ટરે ફરીથી લિંક ખોલીને કાર્ડની વિગતો ભરી.

આ દરમિયાન, તેમના મોબાઈલ પર અલગ-અલગ ટ્રાન્ઝેક્શનના ઓટીપી આવવા લાગ્યા. ડોક્ટરે ઓટીપી આપ્યા ન હોવા છતાં, તેમનો મોબાઈલ હેક થઈ ગયો હોવાથી ઓટીપી વગર જ તેમના ખાતામાંથી નાણાં કપાવા લાગ્યા હતા. આમ તબિબને ગઠીયાઓ બેંક કર્મચારીના નામે રિવોર્ડ જમા થયાનું બહાનુ કરી આબાદ છેતરી ગયા હતાં. સાયબર ગઠીયાઓએ ડોક્ટરને ઠગાઇનું ઇન્જેકશન દઇ દેતાં ચકચાર જાગી છે. અભણ તો ઠીક ભણેલા ગણેલા અને અધિકારીઓ પણ ગઠીયાઓની જાળમાં સરળતાથી ફસાઇ જાય છે. આ બનાવ તેની પ્રતિતી કરાવે છે.

---

લવ સેક્સ ઔર ધોખા: વધુ એક યુવતિની જિંદગી લેભાગુએ કરી બરબાદ

# પ્રેમના નામે ખેલ: ગર્ભ રાખી દઈ યુવતિને કાઢી મુકી

## સાથે જ નોકરી કરતી યુવતિને ફસાવી લગ્નની લાલચ દઇ મૈત્રીકરારનું નાટક કર્યું: બાદમાં યુવતિને પરાણે ગર્ભપાતની ગોળી ખવડાવી વતન ભેગી કરી દીધી: પોલીસ શરૂ કરી તપાસ



રાજકોટ,તા.૩૦

અવાર-નવાર લેભાગુ તત્વો ઓનલાઇન ફ્રેન્ડશીપ કરીને કે પછી જે તે સગીરા, યુવતિઓનો પીછો કરીને ફસાવી પ્રેમજાળમાં લપેટી લઇ બાદમાં તેની સાથે દૂષ્કર્મ આચરી લેતાં હોવાના બનાવો સતત પોલીસ ચોપડે ચડતા રહે છે. રાજ્યભરમાં આવી ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. જેમાં વધુ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે. યુવતિને પ્રેમજાળમાં ફસાવી મૈત્રી કરાર કરી ઢગાએ વારંવાર દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દીધો હતો. એ પછી યુવતિને ગર્ભપાતની ગોળલ ખવડાવી માર મારી કાઢી મુકી હતી. પ્રેમમાં દગાખોરીનો ભોગ બનેલી આ યુવતિએ લેભાગુ પ્રેમી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવતાં તપાસ શરૂ થઇ છે.

હાલના સમયમાં ફ્રેન્ડશીપ લવશીપના ઓઠા તળે અનેક લેભાગુ મજનૂઓ હાલી નીકળ્યા છે. તેનો હેતુ ગમે તેમ કરીને સગીરાઓ, યુવતિઓને ફસાવી તેનો દેહ પીંખવાનો હોય છે. આ માટે તેઓ કોઇ પણ હદ સુધી જતાં હોય છે. બાવળામાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના એક યુવકે વતનની જ ઓગણીસ વર્ષીય યુવતીને પ્રેમજાળમાં ફસાવી, લગ્નના બહાને મૈત્રી કરાર કરી તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. એટલું જ નહીં, યુવતી ગર્ભવતી બનતા તેને દગાથી ગર્ભપાતની ગોળી ખવડાવી, માર મારીને યુવકના પરિવારે પરાણે વતન રવાના કરી દીધી હતી. અંતે ન્યાય માટે પીડિતાએ બાવળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે.

પોલીસ સુત્રોએ કહ્યું કે મુળ યુપીની અને હાલ બાવળામાં રહેતી ઓગણીસ વર્ષીય યુવતિ નોકરી અર્થે બાવળા આવી હતી. આ દરમિયાન તેની મુલાકાત અમન લક્ષ્મીશંકર શુકલા સાથે થઈ હતી. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા અમન તેને વકીલ પાસે લઈ ગયો હતો અને લગ્ન કરી લેવાની ખાતરી આપી મૈત્રી કરારના કાગળો પર સહી કરાવી હતી. ત્યારબાદ અમન તેને પોતાના ઘરે લઈ ગયો હતો અને લગ્નનો વાયદો આપી અનેકવાર બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. જ્યારે પણ યુવતી ના પાડતી ત્યારે અમન તેને ઢોર માર મારતો હતો.

આ પછી યુવતી જ્યારે ફરી બાવળા પરત આવી ત્યારે અમને તેની પર ચારિત્રના ખોટા આક્ષેપ મૂકી સંબંધ તોડી નાખ્યો હતો. અમનના પરિવારજનોએ પણ યુવતીને ધમકી આપી હતી કે જો અમનનો પીછો નહીં છોડે તો તને પૂરી કરી દેશું. આખરે કંટાળીને પીડિતાએ બાવળા પોલીસમાં અમન શુકલા સહિત તેના પરિવારના સભ્યો સામે બાવળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી હતી. ફેબ્રુઆરી મહિનામાં યુવતી ગર્ભવતી બનતા તેણે લગ્ન માટે દબાણ કર્યું હતું, પરંતુ અમને ના પાડી દીધી હતી. એક દિવસ બીમારીના બહાને અમને યુવતીને દવા પીવડાવી હતી, જેના કારણે તેને ગંભીર બ્લીડિંગ થતા ગર્ભપાત થઈ ગયો હતો.

ત્યારબાદે અમનના પિતા લક્ષ્મીશંકર, ભાઈ આપુ અને બહેનોએ ભેગા મળી યુવતીને ગાડીમાં બેસાડી કાલુપુર રેલ્વે સ્ટેશન લઈ ગયા હતા. રસ્તામાં સાઈબાબા મંદિર પાસે તેને ગાડીમાં જ માર મારી પરાણે ટ્રેનમાં બેસાડી વતન ઉત્તરપ્રદેશ મોકલી દીધી હતી. આમ લવ સેક્સ ઔર ધોખાનો ભોગ બનેલી યુવતિની જિંદગી બરબાદ થઇ ગઇ હતી. આવી ઘટનાઓ વારંવાર બનતી રહે છે. કોઇપણ અજાણ્યા કે જાણીતા સાથે મિત્રતા, પ્રેમ કરતાં પહેલા વિચાર કરવો જરૂરી છે. અન્યથા આ રીતે દગાખોરીનો ભોગ બનવાની નોબત આવતી હોય છે.

---

ટૂંકા રસ્તે માલદાર થવાની લ્હાયમાં જેલની હવા ખાવાની નોબત આવી

# દેણુ ઉતારવા બેંક કર્મીનો સાથ લઈ આચરી ઠગાઈ

રાજકોટ,તા.૩૦

લોકો ટુંકા રસ્તે માલદાર થવા માટે અલગ અલગ રસ્તા અપનાવતા હોય છે. કોઇ મહેનત કે સાચ્ચા રસ્તે ચાલીને પૈસાદાર બને છે તો કોઇ ગુનાખોરીનો રસ્તો અપનાવે છે. એક યુવાને પોતાના પર દેણું થઇ જતાં આ શખ્સે બેંકના કર્મચારી સાથે મળી મ્યુલ એકાઉન્ટ ખોલાવી લાખોની ઠગાઇ કરી ગજવા ભરી લીધા હતાં. જો કે તેની આ ખુશી લાંબો સમય ટકી નહોતી. પોલીસે એફઆઇઆર દાખલ કરી તેને ઝડપી લેવાની તજવીજ કરી હતી. આ શખ્સ અને બેંક કર્મીએ આચરેલા કારસ્તાનોમાં કુલ પંચાવન જેટલી ફ્રોડની ફરિયાદો રાજ્યના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં દાખલ થઇ હતી. આ બંને અલગ અલગ ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરી ક્રિપ્ટોમાં કન્વર્ટ કરી રોકડા કરી લેતાં હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ સારંગપુરમાં રહેતા યુવકે દેવું થતાં બેન્ક કર્મચારી સાથે મળીને મ્યુલ એકાઉન્ટ ખોલોવીને વિવિધ રાજ્યાં લોકો સાથે લાખોની ઠગાઇ કરી હતી. કાગડાપીઠ પોલીસે ઓપરેશન મ્યુલ હંન્ટ હેઠળ તપાસ કરીને મ્યુલ બેંક એકાઉન્ટ ધારક સુધી પહોચીને ત્રણ આરોપી સામે ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસ તપાસમાં આરોપીઓ સામે ગુજરાત સહિતના રાજ્યોમાંથી ઠગાઈની પંચાવન ફરિયાદો દાખલ થઇ છે. બેન્ક એકાઉન્ટ ભાડે રાખી લોકો પાસેથી રૂપિયા મેળવી ઓન જુદા જુદા ખાતામાં ટ્રાન્સફર કરી ક્રીપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરી રૂપિયા મેળવી લેતા હતાં.

વધુ માહિતી અનુસાર કાગડાપીઠ પોલીસને સાયબર ક્રાઈમના સમન્વય પોર્ટલ ઉપર ચેક કરતા કાંકરિયા પાસે આવેલી ખાનગી બેંકનુ એકાઉન્ટ મળી આવ્યું હતું, જેમાં સાયબર ફ્રોડના નાણા અવાર નવાર ટ્રાન્સફર થયા હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ પોલીસે પોર્ટલ પર ચેક કરતા આ બેંક એકાઉન્ટ ધારક સામે વર્ષ ૨૦૨૩થી અત્યાર સુધીમાં ગુજરાત સહિત જુદા જુદા રાજ્યામાં સાયબર ક્રાઈમની ૫૫ જેટલી ફરિયાદો થઇ હતી. જેથી કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા કોન્સ્ટેબલ લક્ષ્મણભાઇએ સારંગપુર ખાતે રહેતા જીગરભાઇ તથા ઈસનપુરમાં રહેતા ઉમંગભાઇ અને રામોલમાં રહેતા મુકિમ સામે ફરિયાદ નોંધાવી હતી.

તેમાં જણાવ્યું હતું કે જીગર ઝાલાના નામે એકાઉન્ટ ખુલ્યું હોવાનુ જાણવા મળતા તેની ધરપકડ કરીને પૂછપરછ કરતા તેમને દેવુ થઇ જતા રૂપિયાની જરૂરિયાત ઉભી થઇ હતી. એટલે તેણે ઇન્ડસન્ડ બેંકમાં કામ કરતા તેના ઓળખીતા મિત્ર ઉમંગભાઇને વાત કરતા તેમણે મદદ કરવાની હા પાડી પરંતુ એકાઉન્ટ ખોલાવશે તો તેને રૂપિયા ચાલીસ હજાર મળશે તેવી વાતચીત કરતા આથક તંગીમાં આવેલા આરોરીએ પોતાના નામે એકાઉન્ટ ખોલાવી દીધુ અને બેંકના એટીએમ ચેકબુક સહીતની આખી કીટ મિત્રને આપી દીધી હતી.




**સાયબર ફ્રોડના લાખો રૂપિયા ટ્રાન્સફર કરી ક્રિપ્ટોમાં કન્વર્ટ કરી રોકડા કર્યા: રાજ્યભરમાં દાખલ થઇ પંચાવન જેટલી ફરિયાદો**

ત્યારબાદ કાગડાપીઠ પોલીસે ઉમંગની ધરપકડ કરતા તેણે પોલીસ સમક્ષ કબૂલાત કરી કે રામોલમાં રહેતા તેના મિત્ર મુકીમને એકાઉન્ટની વિગતો અને તેની કીટ આપી દીધી હતી. અને તેના બદલામાં પોતે કમિશન પણ લેતો હતો. આ રીતે દેણુ ઉતારવા માટે ખોટા રસ્તે ચડી ગયેલો યુવાન ગુનેગાર બની ગયો હતો. તેણે બેંક કર્મચારી સાથે મળી ફ્રોડ આચરી લાખોની ઠગાઇ કરી હતી. જો કે હવે પોલીસ કાર્યવાહી બાદ તેને જેલની હવા ખાવાની નોબત આવશે તે નક્કી છે. આ પ્રકારે ટુંકા રસ્તે માલદાર થવા જતાં અનેક જેલભેગા થયા છે. જેમાં આ વધુ એકનો ઉમેરો થયો છે.

---

નાના મોટા અકસ્માતોની હારમાળા વચ્ચે વધુ એક જીવ હણાઇ ગયો

# રેલનગરના વૃધ્ધને નડ્યો જીવલેણ અકસ્માત

## ચોકીદારી કરતાં વૃધ્ધને એક્સેસ હંકારીને જતાં હતાં ત્યારે હોન્ડાવાળાએ અકસ્માત સર્જ્યો: બીજા બનાવમાં માતાની અંતિમવિધી પુરી કરી સુરત જઇ રહેલા વૃધ્ધનું બસમાં હૃદય બેસી જતાં મોત: ત્રીજા બનાવમાં મામાના ઘરે આવેલી ભાણીનું તાવ ચડ્યા બાદ મૃત્યુ

રાજકોટ,તા.૩૦

રોજબરોજ સર્જાઇ રહેલા વાહન અકસ્માતમાં કોઇને કોઇ વાહનના ચાલક કે પછી કોઇ રાહદારીને ઇજાઓ પહોંચતી હોય છે તો ઘણીવાર મોત પણ થતું હોય છે. વધુ એક જીવલેણ વાહન અકસ્માત સર્જાયો છે. જેમાં એક એક વયોવૃધ્ધનો જીવ ગયો છે. રેલનગરના વૃધ્ધ ટુવ્હીલર હંકારીને નાના મવા રોડ રાજનગર ચોકમાંથી પસાર થતા હતાં ત્યારે એક હોન્ડાવાળાએ ઠોકરે લઇ લેતાં તેમનું મોત થયું છે. બીજી એક ઘટનામાં મામાના ઘરે રોકાવા આવેલી બાળાનું તાવને કારણે મોત થયું હતું. ત્રીજી ઘટનામાં માતાની અંતિમવિધી પુરી કરી સુરત જઇ રહેલા વૃધ્ધનું ચાલુ બસે હાર્ટએટેક આવી જવાને કારણે મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો નાના મવા રોડ રાજનગર ચોમાં રાતે રાત્રીના એક્સેસ અને હોન્ડા મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં રેલનગરમાં રહેતાં અને એસ્ટ્રોન ચોકના કોમ્પલેક્ષમાં વોચમેન તરીકે નોકરી કરતાં વૃધ્ધનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. વધુ માહિતી અનુસાર રેલનગર સુભાષચંદ્ર બોઝ ટાઉનશીપમાં રહેતાં હરસુખભાઇ વેલજીભાઇ ઝાલા નામના બોંતેર વર્ષના વૃધ્ધ રાતે એક્સેસ હંકારીને જતાં હતાં ત્યારે નાના મવા રોડ ઇન્ડીયન પેટ્રોલ પંપ નજીક રાજનગર ચોકમાં તેના વાહન સાથે એક બાઇક અથડાતાં પોતે રોડ પર ફેંકાઇ જતાં ઇજાઓ થઇ હતી.

બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં હરસુખભાઇને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.



પરંતુ તેમનું વહેલી સવારે મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર હરસુખભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાંએક દિકરી અને એક દિકરો છે. દિકરી સાસરે છે અને દિકરો વડોદરા રહે છે. પોતે રેલનગરમાં એકલા રહેતાં હતાં અને એસ્ટ્રોન ચોકમાં ચોકીદારી કરતાં હતાં. રાતે કોઇ કામ માટે નીકળ્યા બાદ રાજનગર ચોકમાં બનાવ બન્યો હતો. પોલીસે અકસ્માત સર્જનાર હોન્ડાચાલકને શોધવા તપાસ હાથ ધરી હતી.

બીજી એક ઘટના જોઇએ તો મુળ અમરેલીના વડીયાના અને હાલ સુરત રહેતાં વૃધ્ધ વડીયા ખાતે માતાની અંતિમવિધીમાં આવ્યા હોઇ વિધી પુરી કરી બસમાં બેસી સુરત જવા નીકળ્યા ત્યારે ચોટીલા પાસે હૃદય રોગનો હુમલો આવી જતાં મૃત્યુ થયું હતું. સુરત રહેતાં મુળ અમરેલીના વડીયાના સાંઇઠ વર્ષના જયંતિભાઇ હંસરાજભાઇ ગઢીયા રાતે લક્ઝરી બસમાં બેસી સુરત જતાં હતાં ત્યારે ચોટીલા પાસે બસ પહોંચતા તેમને છાતીમાં દુઃખાવો ઉપડતાં બીજા મુસાફરોને જાણ કરતાં બસ ઉભી રખાવાઇ હતી. ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થયું હતુ. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે ચોટીલા પોલીસને જાણ કરી હતી. જયંતિભાઇ પાંચ ભાઇ અને બે બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતાના માતાનું અવસાન પંદર દિવસ પહેલા થયું હોઇ સુરતથી વડીયા અંતિમવિધીમાં આવ્યા હતાં. વિધી પુરી થયા બાદ પરત સુરત જતી વખતે બનાવ બન્યો. પખવાડીયામાં બબ્બે સ્વજનની વિદાયથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ત્રીજા બનાવમાં મોટી પાનેલી ગામેથી રાજકોટના મેટોડામાં મામાના ઘરે વેકેશન કરવા આવેલી દસ વર્ષની બાળાને તાવ આવતાં અને પેટમાં દુઃખાવો ઉપડવા સાથે આંચકી આવતાં સારવાર માટે દાખલ કરાઇ હતી. પરંતુ તેનું મોત થયું હતું. જાણવા મળ્યા મુજબ ઉપલેટા તાલુકાના મોટી પાનેલી રહેતી ઉર્વિશા મહેશભાઇ બગડા નામની દસ વર્ષની બાળા મેટોડા જીઆઇડીસીમાં રહેતાં મામાના ઘરે રોકાવા માટે આવી હતી. અહિ તેણીને તાવ આવતાં અને પેટમાં દુઃખાવો થવા સાથે આંચકી આવતાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી.

પરંતુ રાત્રીના તેણીનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં મેટોડા પોલીસ સ્ટેશનના એએસઆઇ ધ્રુવભાઇ સહિતે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર બાળાના પિતા મજુરી કરે છે. તેણી બે બહેન અને એક ભાઇમાં નાની હતી અને ધોરણ-૫માં ભણતી હતી. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આમ ત્રણ અપમૃત્યુની ઘટનાઓને કારણે જુદા જુદા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

# મેયર - ડેપ્યુટી મેયરની પસંદગી માટે આજથી સેન્સ

## પ્રથમ ચરણમાં તાલુકા પંચાયત - નગરપાલિકાના પદાધિકારીઓ માટે ભાજપ લેશે સેન્સ ત્યારબાદના બીજા તબક્કામાં મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતનો વારો : ૬ તારીખે મળશે પાર્લામેન્ટરી બોર્ડની બેઠક




રાજકોટ, તા. ૩૦

સમગ્ર રાજ્યમાં હાલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થઈ ચૂકી છે અને ભાજપ એ બહુમત હાંસલ કરી છે ત્યારે ચૂંટાયેલા ઉમેદવારો ને હોદેદાર બનાવવા માટે ભાજપ દ્વારા આજથી સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જે અંગે હાલ એ વાતનું સસ્પેન્સ યથાવત રાખવામાં આવ્યું છે કે નિરીક્ષક તરીકે કોણ રાજકોટ આવી રહ્યા છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્ણ થઈ ચૂકી છે અને મહત્તમ બેઠકો ભાજપે અંકે કરી લીધી છે. ક્યારે હવે ભાજપ જિલ્લા પંચાયતના પ્રમુખો ઉપપ્રમુખો, તાલુકા પંચાયતના પ્રમુખો- પ્રમુખો અને મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને શાસક પક્ષના નેતા સહિતના વિવિધ પદ માટેની જાહેરાત કરવામાં આવશે જે માટે અત્યારથી જ હાલ કમલમ ખાતે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. મળતી માહિતી મુજબ ૩ તારીખ સુધીમાં શહેર જિલ્લા તથા નગરપાલિકાના જિલ્લા પંચાયત ના પ્રમુખો ને પસંદ કરી લેવામાં આવશે જે માટે આવતીકાલથી સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે.

પ્રથમ તબક્કામાં તાલુકા અને નગર પંચાયતોના પ્રમુખો માટેની ભાજપના નિરીક્ષકો સેન્સ લેશે તો બીજા તબક્કામાં મહાનગરપાલિકાને જિલ્લા પંચાયતના મેયર અને પ્રમુખોની સેન્સ લેવામાં આવશે. હાલ કયા વિસ્તારમાં અને કયા ઝોનમાં કોણ નિરીક્ષક આવશે તે અંગે હજી સુધી પ્રદેશ ભાજપમાંથી સસ્પેન્સ યથાવત રાખવામાં આવ્યું છે માત્ર શહેરને જિલ્લા પ્રમુખ અને પ્રભારીઓને જ નિરીક્ષકો કોણ છે તેના નામ આપવામાં આવ્યા છે. હાલ તમામ જ્ઞાતિ સમીકરણો અને આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ હાલ નારાજ સમાજને શાંત કરવા માટે મેયર તથા ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન સહિત જિલ્લા પંચાયતના પ્રમુખોની પસંદગી તે આધારે જ કરવામાં આવે તેવું હાલ ભાજપના સૂત્રો જણાવી રહ્યા છે. જેથી આગામી વિધાનસભા ચૂંટણીમાં એની કોઈ વિપરીત અસર ન પહોંચે.

છેલ્લા ત્રણ વર્ષથી ભાજપ દ્વારા મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ટોચના હોદ્દેદારોની નિમણૂક માટે સેન્સ પ્રક્રિયા લેવાનું શરૂ કર્યું હતું અને તે પરંપરા પણ ભાજપ આ વખતે જાળવી રાખશે. અગાઉની સ્થિતિએ પદાધિકારીઓને નિમણૂકમાં અનેકવિધ પ્રશ્નો ઊભા થતા હતા ત્યારે લોકશાહી ઢબે મહાનગરો તથા જિલ્લા પંચાયતના પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવે તે માટે ત્રણ સભ્યોના નિરીક્ષકોની ટીમ સેન્સ લેવા આવશે. હાલ પ્રથમ અઢી વર્ષ માટેની ટીમ નક્કી કરવામાં આવશે જેનો ઉપયોગ આગામી વિધાનસભાની ૨૦૨૭ની ચૂંટણી માટે કરવામાં આવશે.

હાલ આવનારી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે આ વખતે જે પદાધિકારીઓ નક્કી કરવામાં આવશે અને જેનું નામનું મેન્ડેડ આવશે તેના ઉપર આવનારી વિધાનસભાની ચૂંટણી માટે ખૂબ મોટી જવાબદારી આપવામાં આવશે. ત્યારે હાલ વિવિધ મહાનગરોમાં આ વખતે જે સમાજોનો રોષ ભભૂકી ઉઠ્યો હતો. તે મુદ્દાને આ વખતે શાંત પાડવા માટે પ્રદેશ ભાજપ પાસે ખૂબ મોટી તક છે. મુખ્યત્વે પ્રદેશ ભાજપથી આવતા નિરીક્ષકો માટે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ નક્કી કરવા માટે ખૂબ મહેનત કરવી પડશે અને દરેક પરિબળો અને પાસાઓ નક્કી કરવા પડશે. ગુજરાતમાં આ વખતે ભારે વિવાદ નો વંટોળ જોવા મળ્યો પરંતુ તેમાં પણ રાજકોટ મહાનગરમાં સ્થિતિ વણસી હતી છતાં જે રીતે જુના જોગીઓએ ડેમેજ કન્ટ્રોલ કર્યો તે બાદ હવે પ્રદેશ ભાજપ સંગઠનના જીવમાં જીવ આવ્યો છે ત્યારે હવે જે સેન્સ પ્રક્રિયા લેવામાં આવશે તેમાં પણ અત્યંત ગંભીરતાપૂર્વક નામો પર વિચારવી મળશે કર્યા બાદ અને આવનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ નામો નક્કી કરાશે. હાલ કોણ નિરીક્ષકો ક્યા આવવાના છે તે અંગે હજુ પણ પ્રદેશ ભાજપ સંગઠન દ્વારા સસ્પેન્સી યથાવત રાખવામાં આવ્યું છે માત્ર શહેર, જિલ્લા પ્રમુખો અને પ્રભારીઓને જ નામની ખબર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# જી.પં. પ્રમુખ પદ માટે લોબિંગ

## રોસ્ટર પ્રમાણે પ્રથમ અઢી વર્ષ ઓબીસી અનામત આવતા અનેકવિધ સમીકરણો લાગ્યા કામે

રાજકોટ, તા. ૩૦

રાજકોટ મહાનગરપાલિકાની જેમ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપ એ ૩૬ બેઠકમાંથી ૩૪ બેઠક પર જીત મેળવી સત્તા જાળવી રાખી છે. બીજી મહત્વની વાત તો એ છે કે હાલ મોવિયા બેઠક ઉપર પૂર્વ ઉપ- પ્રમુખ રાજુભાઈ ડાંગરની હાર થતાં અને તે બેઠક આમ આદમી પાર્ટીના ફાળે જતા મેજર અપસેટ સર્જાયો છે. ત્યારે જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના હોદ્દેદારોની વરણી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદની સ્પર્ધા જામી છે ત્યારે પ્રથમ અઢી વર્ષની ટર્મ ઓબીસી અનામત નક્કી કરવામાં આવી છે. તો સામે આ જ બેઠક ઉપર ૧૦ થી વધુ સભ્યો ચૂંટાયા હોવાથી દરેકનું ખાસું એવું લોબીંગ થઈ રહ્યું છે. હાલ પ્રદેશ સંગઠન કયા મુદ્દા ઉપર નિર્ણય લેશે તે હવે જોવાનું રહ્યું પરંતુ ઓબીસી પ્રમુખ હોવાનું રોસ્ટરમાં નક્કી થતાં જ અનેકવિધ સમીકરણોમાં બદલાવ આવશે તેવું જિલ્લા પંચાયતના સૂત્રો જણાવી રહ્યા છે. મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયતના પ્રમુખો માટે પ્રથમ અઢી વર્ષ બક્ષીપંચ માટે અનામત રાખવામાં આવી છે જ્યારે બીજી અઢી વર્ષની ટર્મ મહિલા માટે અનામત આવવાની અટકડો જોવા મળી રહી છે જેને ધ્યાને લેતા પ્રમુખ પદે પુરુષ ઉમેદવારની પસંદગી પ્રદેશ સંગઠન કરે તેવી હાલ અટકળો ચાલી રહી છે.

ભાજપના સૂત્રોએ કહ્યું કે ચૂંટણી પૂર્વે નવા અનામત રોટેશન અંતર્ગત બક્ષીપંચ માટે ૧૦ બેઠક અનામત હતી અને તેમાં પાંચ



સ્ત્રી અનામત હતી. ભાજપ દ્વારા આ દસ અનામત બેઠકો પર બક્ષીપંચના ઉમેદવારોને ટીકીટો ફાળવવામાં આવી જ હતી. ઉપરાંત ચૂંટણી-રાજકીય જ્ઞાતિ સમીકરણોના આધારે જનરલ કેટેગરીની બે બેઠકો પર પણ ઓબીસી ઉમેદવારોને મેદાને ઉતારવામાં આવ્યા હતા.

ભાજપમાંથી વિજેતા થયેલા બક્ષીપંચ ઉમેદવારોમાં ચરખડીથી જલ્પાબેન મકવાણા, દડવીથી કુંદનબા માવલ, ડુમીયાણીથી ભારતીબેન હુંબલ, કમળાપુરથી કંચનબેન રાજપરા, કસ્તુરબાધામથી શ્રધ્ધાબેન મકવાણા, કોલીથડથી સામતભાઇ બાંભવા, કોટડા સાંગાણીથી અર્જુનભાઇ ખાટરીયા, કુવાડવાથી સંજય પીપળીયા, લોધિકાથી દિલીપ ધીરૂભાઇ સરવૈયાનો સમાવેશ થાય છે. આ સિવાય ભડલીની સીટ સામાન્ય હોવા છતાં ભાજપે અમરશી ચૌહાણને મેદાને ઉતાર્યા હતા.તેઓ ઓબીસી કેટેગરીના છે. તેમના પત્ની ગત ટર્મમાં સભ્ય હતા. આ જ રીતે બેડીની બેઠક સામાન્ય સ્ત્રી હતી છતાં ભાજપે ઓબીસી ઉમેદવાર સુમિતાબેન રાજેશ ચાવડાને લડાવ્યા હતા. તેઓએ જીત મેળવી હતી. તેઓ પણ ગત ટર્મમાં સભ્ય હતા અને ભાજપે ફરીથી ટીકીટ આપી હતી. પીપરડીની સામાન્ય સ્ત્રી બેઠક પરથી પણ સવિતાબેન નાથાભાઇ વાસાણી ચૂંટાયા છે. તેઓ પણ ગત ટર્મમાં સભ્ય હતા. આમ ૩૪ વિજેતામાંથી ડઝન સભ્યો પ્રમુખપદ માટેના દાવેદાર ગણી શકાય છે અને તેઓની વચ્ચે સ્પર્ધા થઇ શકે છે. આ સભ્યોમાંથી પાંચ જેટલા સભ્યો ગત ટર્મમાં પણ હતા. અર્થાત અનુભવીની શ્રેણીમાં આવે છે જ્યારે બાકીના નવા ચહેરા છે.

ભાજપના સૂત્રોમાં એવી ચર્ચા છે કે પ્રમુખપદ માટે યોગ્યતા ધરાવતા ડઝન સભ્યોમાંથી પાંચ પુરૂષ સભ્યો છે જ્યારે સાત મહિલા સભ્યો છે. એક ચર્ચા એવી પણ છે કે અઢી વર્ષની બીજી ટર્મમાં મહિલા અનામત આવી શકે અને જ્યારે ફરજિયાતપણે મહિલાને જ પ્રમુખપદ સોંપવું પડે તે સંજોગોને ધ્યાને રાખીને પુરૂષ સભ્યની પસંદગી શક્ય છે.

ભાજપમાંથી ચૂંટાયેલા પુરુષ સભ્યોમાં સૌથી અનુભવી અર્જુન ખાટરીયા ગણાય છે. તેઓ સતત પાંચમી વખત ચૂંટાયા છે. ૨૦૨૫થી સતત ચૂંટાતા આવે છે. અલબત્ત ચાર વખત કોંગ્રેસમાંથી ચૂંટાયા હતા. ભાજપમાંથી પ્રથમ ટર્મ છે. ભૂતકાળમાં તેમના પત્ની પ્રમુખપદે રહી ચૂક્યા છે. તેઓ કોટડા સાંગાણી બેઠક પરથી ચૂંટાયા હતા. ૧૧ હજાર જેટલા મત મેળવીને ૫૦૦૦ જેટલા મતોની લીડથી વિજેતા થયા હતાં.

આ સિવાય અમરશીભાઇ ચૌહાણની બીજી ટર્મ છે. દિલીપ સરવૈયા, સામતભાઇ બાંભવા તથા સંજય પીપળીયા પણ સ્પર્ધામાં હતા. મહિલા સભ્યોમાં પણ ત્રણની બીજી ટર્મ છે. ભાજપના સૂત્રોએ કહ્યું કે પ્રમુખપદની પસંદગી પૂર્વે ઉમેદવારની લીડ સિવાય તાલુકા પંચાયત-નગરપાલિકામાં તેમના વિસ્તારોમાં ભાજપને મળેલા મત, અનુભવ સહિતના પાસાઓને પણ લક્ષ્યમાં લેવાશે. આ સંજોગોમાં પ્રમુખપદની રેસ વિશે ઉત્તેજના છે. ભૂતકાળમાં ભાજપ દ્વારા પ્રથમ વખત ચૂંટાયેલા ભુપત બોદર તથા પ્રવિણાબેન રંગાણીને પ્રમુખપદ સોંપ્યું જ હતું.

ફન બ્લાસ્ટને સ્ટ્રક્ચરલ સ્ટેબિલીટી સહિતના સર્ટિફિકેટ રજુ ન કરે ત્યાં સુધી બંધ

# આગની ઘટનાને પગલે ફન બ્લાસ્ટ સહિત ત્રણ ગેમઝોન બંધ કરવા આદેશ

રાજકોટ, તા. ૩૦

રાજકોટમાં વેસ્ટઝોન વિસ્તારમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ હજી શહેરીજનો ભુલી શક્યા નથી ત્યારે થોડા દિવસ પહેલા જ વેસ્ટઝોનમાં જ આવેલા ફનબ્લાસ્ટ ગેમઝોનમાં બનેલી આગની ઘટના બાદ મહાનગરપાલિકા તંત્ર દોડતું થયું છે. અને ફન બ્લાસ્ટ સહિત શહેરના તમામ ગેમઝોનમાં ફાયર એનઓસી, સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી સહિતના સલામતીના તમામ મુદ્દાઓની ચકાસણી કરીને ફનબ્લાસ્ટ સહિતના ત્રણ ગેમઝોનને જ્યાં સુધી સ્ટ્રક્ચરલ સ્ટેબિલીટી સહિતના જરૂરી પુરાવા પુરા પાડવામાં ન આવે ત્યાં સુધી બંધ રાખવાનો આદેશ આપ્યો હતો. ઇન્ચાર્જ ચિફ ફાયર ઓફિસર અમીત દવે મિડીયા સામે ફન બ્લાસ્ટ ગેમઝોનના વકિલની ભૂમિકામાં આવી ફનબ્લાસ્ટ ગેમઝોનના સંચાલકોને બચાવવા પ્રયાસ કર્યો હતો અને ફાયર બ્રિગેડ દ્વારા કરાયેલી કામગીરીને બદલે ફન બ્લાસ્ટ ગેમઝોનમાં ઉભી કરાયેલી સુવિધાઓ મિડીયા સમક્ષ ગુણગાન ગાયા હતા. ! એટલુ જ નહીં પણ, તેઓએ કામગીરીની જવાબદારીનો ઓળિયો ઘોળિયો ટાઉન પ્લાનિંગ શાખા અને વીજ કંપની પર નાખ્યો હતો.

શહેરીજનોને હચમાચાનારા ટીઆરપી અગ્નિકાંડ પછી પણ મહાનગરપાલિકાની બેદરકારી અને ખાયકીને કારણે વધુ એક ગેમઝોનમાં અગ્નિકાંડ બનતા બનતાં અટકી ગયો હતો. મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાનના દિવસે શહેરના વધુ એક ગેમઝોન ફનબ્લાસ્ટમાં આગ લાગી હતી.

આ સમયે અનેક લોકો ગેમઝોનની મજા માણી રહ્યા હતા. અચાનક જ સ્પાર્ક સાથે આગના તણખાં ઉડતાં ગેમઝોનમાં આવેલા લોકોમાં નાસભાગ મચી ગઇ હતી. બનાવના પગલે ફાયરબ્રિગેડ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

આ પછી આજે ઇન્ચાર્જ ચિફ ફાયર ઓફિસર અમીત દવેએ ફનબ્લાસ્ટની આગની ઘટનામાં મિડિયા સમક્ષ એવું કહ્યુ હતું કે, ફનબ્લાસ્ટ ગેમઝોનમાં આગ લાગી તેની પાછળ ઇલેક્ટ્રીક વાયરિંગમાં થયેલા સ્પાર્કનું કારણ હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગ લાગ્યા બાદ ફનબ્લાસ્ટના તાલીમી સ્ટાફ દ્વારા આગ બુઝાવવાના બાટલાંથી આગને કાબુમાં લીધી હતી. ફાયરબ્રિગેડનો સ્ટાફ પહોંચ્યો ત્યારે આગ બૂઝાઇ ગઇ હતી. ફનબ્લાસ્ટનુ સ્ટ્રક્ચર ફ્રેમ સ્ટ્રક્ચર છે. આવા સ્ટ્રક્ચરને મંજૂરી આપવાનું કામ ટાઉનપ્લાનિંગ શાખાનું છે. ફન બ્લાસ્ટમાં ચાઇનાની બનાવટની લાઇટનો ઉપયોગ કરવામાં આવતો હોવા અંગે પણ તેઓએ વીજ કંપની પર જવાબદારી ઢોળી દીધી હતી. જો કે ગેમઝોનના ઇલેક્ટ્રિક વાયરિંગનું એપ્રુવલ સર્ટિફિકેટ રજુ કરવા ગેમઝોનના સંચાલકોને જણાવાયું હોવાનું તેમણે કહ્યું હતું. તેઓએ કહ્યું હતું કે ફન બ્લાસ્ટ ગેમઝોનની ઘટનાના પગલે શહેરમાં આવેલા તમામ સાત ગેમઝોનની ચકાસણી કરવામાં આવી છે. આમાં ફન બ્લાસ્ટ સહિત ત્રણ ગેમઝોન પાસે જરૂરી સર્ટિફિકેટ ન હોય તે બંધ રાખવા અને સર્ટિફિકેટ રજુ કરવા માટે આદેશ કરાયાનુ તેઓએ ઉમર્યું હતું.

# ૧૧૭ ઉમેદવારો પાંચ હજાર મત પણ મેળવી ન શક્યા !

## રાજકોટના વોર્ડ નં.૮-૧૦ અને ૧૩માં પાંચ હજારથી ઓછા મત મેળવનારા ઉમેદવારોની સંખ્યા વધુ : ૫૧ મહિલા અને ૬૬ પુરૂષ ઉમેદવારો મતદારોને રીઝવી શક્યા નહીંઃ છ ઉમેદવારો ૫૦૦ નો આંકડો પણ પાર કરી શક્યા નહીં!



રાજકોટ , તા. ૩૦

રાજકોટ મહાનગપાલિકાની ચૂંટણીના પરિણામો બાદ હવે પદાધિકારીઓના નામની અટકળો અને ગોઠવણ શરૂ થઇ છે ત્યારે બીજી બાજું મહાનગરપાલિકાના ૧૮ વોર્ડના કુલ ૯,૮૫,૯૫૨ મતદારોને રીઝવવામાં ઉમેદવારો નિષ્ફળ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના કુલ ૨૩૬ ઉમેદવારોમાંથી ૧૧૭ ઉમેદવારો એવા છે કે જેઓને મતદારોએ પાંચ હજાર મતના આંકડા સુધી પણ પહોંચાડ્યા નથી. આમાં મહિલા ઉમેદવારો કરતાં પુરૂષ ઉમેદવારોની સંખ્યા વધુ છે. જે વોર્ડમાં ઉમેદવારો પાંચ હજાર મત સુધી પહોંચતા પણ હાંફી ગયા છે તેમાં સૌથી વધુ વોર્ડ નં. ૮-૧૦ અને ૧૩નો સમાવેશ થાય છે. ૧૮ વોર્ડમાં ૫૧ મહિલા ઉમેદવારો અને ૬૬ પુરૂષ ઉમેદવારોને પાંચ હજાર કરતા ઓછા મત મળ્યા છે. આમાં પણ છ ઉમેદવારો એવાં છે કે જેઓ પાંચસો મત પણ મેળવી શક્યા નથી.!

વોર્ડ નં.૧ માં કુલ ૧૩ ઉમેદવારો મેદાનમાં હતાં આમાંથી આઠ ઉમેદવારો પાંચ હજારનો આંકડો પાર કરવામાં નિષ્ફળ રહ્યા છે. જેમાં ચાર મહિલાઓ અને ચાર પુરૂષ ઉમેદવારો છે. જ્યારે વોર્ડ નં.૨માં ૧૩ ઉમેદવારો મેદાનમાં હતા. જેમાંથી પાંચ ઉમેદવારોને પાંચ હજારથી ઓછા મત મળ્યા છે. આ પાંચ ઉમેદવારોમાં બે મહિલાઓ અને ત્રણ પુરૂષ ઉમેદવારો છે. એક મહિલા અને બે પુરૂષો સહિત ત્રણ ઉમેદવારો એવા છે કે જેઓ એક હજાર મત પણ મેળવી શક્યા નથી. વોર્ડ નં.૩ જ્યાં પુર્વ ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજાએ ચૂંટણી લડી હતી તે વોર્ડમાં ૧૪ ઉમેદવારો મેદાનમાં હતા. આ વોર્ડમાં છ ઉમેદવારો એવા છે કે જેઓ પાંચ હજાર મત મેળવી શક્યા નથી. આમાં બે મહિલાઓ અને ચાર પુરૂષ ઉમેદવારો છે. આ છ ઉમેદવારોમાંથી સામાન્ય બેઠકના બે પુરૂષ મતદારોને એક હજાર મત પણ મળ્યા નથી ! પુર્વ મેયર નયનાબેન પેઢડિયાના વોર્ડ નં.૪ જ્યાં આમ આદમી પાર્ટી તરફ મતદારોનો ઝોંક વધુ જણાતો હતો. એ વોર્ડમાં ભાજપ વિજેતા બન્યુ છે. આ વોર્ડમાં કુલ છ ઉમેદવારો પાંચ હજાર મતનો આંકડો પાર કરી શક્યા નથી. આમાં એક મહિલા અને પાંચ પુરૂષ ઉમેદવારો છે. સામાન્ય બેઠકના ત્રણ પુરૂષ ઉમેદવારો પાંચસો મત મેળવવામાં પણ નિષ્ફળ રહ્યા છે. વોર્ડ નં.૫માં ૧૨ ઉમેદવારોમાંથી આઠ ઉમેદવારોને પાંચ હજારથી ઓછા મત મળ્યા છે આમાં ચાર મહિલાઓ અને ચાર પુરૂષ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આવી જ રીતે વોર્ડ નં.૬માં ૧૨માંથી બે મહિલા અને બે પુરૂષો સહિત કુલ ચાર ઉમેદવારો મતદારોને રીઝવીને પાંચ હજાર મત મેળવવામાં નિષ્ફળ ગયા છે.

જ્યારે વોર્ડ નં.૭માં ૧૨ ઉમેદવારોમાંથી ત્રણ મહિલાઓ અને બે પુરૂષો સહિત પાંચ, વોર્ડ નં.૮માં ૧૪ ઉમેદવારોમાં વધુ નવ ઉમેદવારો પાંચ હજાર મત મેળવી શક્યા નથી. આમાં પાંચ મહિલાઓ અને ચાર પુરૂષોનો સમાવેશ થાય છે. વોર્ડ નં.૯માં બાર ઉમેદવારોમાંથી ચાર મહિલાઓ અને ચાર પુરૂષો સહિત આઠ ઉમેદવારો, વોર્ડ નં.૧૦માં ૧૩ ઉમેદવારોમાંથી ચાર મહિલાઓ અને પાંચ પુરૂષો, વોર્ડ નં.૧૧માં ૧૪ ઉમેદવારોમાંથી ચાર મહિલાઓ અને ત્રણ પુરૂષો, વોર્ડ નં.૧૨માં ૧૨ ઉમેદવારોમાંથી બે મહિલાઓ અને બ પુરૂષ ઉમેદવારો પાંચ હજાર મતનો આંકડો પાર કરવામાં નિષ્ફળ રહ્યા છે.

વોર્ડ નં.૧૩માં કુલ ૧૪ ઉમેદવારોમાંથી પાંચ મહિલાઓ અને પાંચ પુરૂષો સહિત કુલ ૧૦ ઉમેદવારોને પાંચ હજાર મત મળ્યા નથી. આ વોર્ડમાં પાંચ હજારથી ઓછા મત મેળવનારા ઉમેદવારો સૌથી વધુ છે. આવી જ રીતે વોર્ડ નં.૧૪માં પણ ૧૨ ઉમેદવારોમાંથી બે મહિલાઓ અને બે પુરૂષો સહિત ચાર ઉમેદવારો, વોર્ડ નં.૧૫માં કુલ ૧૪ ઉમેદારોમાંથી બે મહિલાઓ અને ચાર પુરૂષો સહિત છ ઉમેદવારો, વોર્ડ નં.૧૬માં ૧૩ ઉમેદવારોમાંથી બે મહિલા અને બે પુરૂષ, વોર્ડ નં.૧૭માં કુલ ૧૩ ઉમેદવારોમાંથી બે મહિલાઓ અને અને ત્રણ પુરૂષ ઉમેદવારોનો સમાવેશ થાય છે આ વોર્ડમાં પછાત વર્ગના એક પુરૂષ ઉમેદવારને પાંચસો મત પણ મળ્યા નથી. વોર્ડ નં.૧૮માં ૧૩ ઉમેદવારોમાંથી એક મહિલા અને ત્રણ પુરૂષ સહિત ચાર ઉમેદવારોને પાંચ હજાર મત મળ્યા નથી.

### છ ઉમેદવારો તો પાંચસોનો આંકડો પણ પાર કરી શક્યા નહીં !

મહાનગરપાલિકાના ૧૮ વોર્ડમાં કુલ ૨૩૬ ઉમેદવારોમાંથી ૫૧ મહિલાઓ અને ૬૬ પુરૂષો સહિત કુલ ૧૧૭ ઉમેદવારો પાંચ હજાર મત પણ મેળવી શક્યા નથી ત્યારે આ ૧૧૭ ઉમેદવારોમાંથી છ ઉમેદવારો એવા છે કે જેઓ પાંચસોનો આંકડો પણ પાર કરવામાં નિષ્ફળ રહ્યા છે. આમાં સૌથી વધુ વોર્ડ નં.૪માં ત્રણ ઉમેદવારો છે જ્યારે વોર્ડ નં.૨માં એક અને વોર્ડ નં.૧૭માં એક ઉમેદવારનો સમાવેશ થાય છે.